નવાં બંધાયેલા બિલ્ડિંગમાં રેડી
ફ્લેટ 1,2,3 BHK વેચાણથી મળશે
1,2,3 & 4 BHK ભાડેથી મળશે
બુકિંગમાં 2 BHK અને 3 BHK
સારા એરિયામાં મળશે
તિરૂમાલા હેબીટેટસ, રૂનવાલ એન્થુરીયમ,
દેવીદયાલ રોડ, સર્વોદય નગર,
તાંબેનગર 2 અને 3 BHK મળશે
ઓબેરોયમાં 3 અને 4 BHK
વેચાણથી તેમજ ભાડેથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૨૯ ● સળંગ અંક : ૧૩૪૫ ● મુંબઈ ● બુધવાર ● તા.૭ ઓગસ્ટ – ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂ.૫.૦૦





PINAL

PRAMUKH KRUPA
BY PINAL REALTY

THE ADDRESS OF BREATHTAKING SPLENDOR

1, 2 & 3 BHK LUXURIOUS RESIDENCES
STARTING FROM
₹1.15 CR*
ONWARDS
*T&C Apply

11+ Lifestyle Amenities




4th Slab Completed

84520 59405

Site Address : Junction of MG Road and GG Road, Mulund West, Mumbai 400080

MAHARERA Registration no.: P51800050490

Click Here

જૂનામાંથી નવુ + ક્રિએટીવ પિસ

રોજનું નવું-નવુંને ટ્રેન્ડી પીસ પહેરવું ગમે છે પણ કબાટમાં ઘસારો બહું છે તો જૂનામાંથી નવું ઉથલપાથલ કરી નવું કંઈક બનાવીએ. સાડી, સેલા, બાંધણી બધામાંથી નવી સાડી, ચણિયા ચોલી, ઈન્ડો વેસ્ટર્ન બનાવડાવો. ડીઝાઈનર બ્લાઉઝમાં પરફેક્ટ ફીટીંગ ફીનીશીંગ સાથે રીજનેબલ રેટની ગેરેન્ટી.

હેતલ શાહ

98210 59549

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL

BMC Approved

Pest Control &

Also Services For

Mosquito & Bird Netting

TO BOOK YOUR SERVICE

80705 23555 / 666 / 777 / 888 / 999

primepestcontrolserve@gmail.com

www.primepestcontrolservices.com

Branch : Mulund (West), Mumbai - 400 080.

Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૨૯ ● સળંગ અંક : ૧૩૪૫ ● મુંબઈ ● બુધવાર ● તા.૭ ઓગસ્ટ – ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ ● કુલ પાના : ૨૪ ● કિંમત રૂા.૫.૦૦




Click Here



ચાલો જન્માષ્ટમી ઉજવીએ...
ગુર્જરમાત પ્રસ્તુત
શ્રી કૃષ્ણ લીલા
(દ્વિતીય વર્ષ)
સોમવાર, તા.૨૬ ઓગસ્ટ,
રાત્રે ૯.૦૦ કલાકે
કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ (વેસ્ટ).
હિના ઠક્કર અને
સાથી કલાકારો સંગે
ગીત, સંગીત અને
નૃત્યના સથવારે
OUR SPONSORS
VIKAS CONSTRUCTIONS
H.R. JANTA
URMIL SHAH (GOGRI)
AUTOMOTIVE SOLUTIONS
BUY | SELL | SERVICE
PRE-OWNED CARS
MAHIZ TRENDZ
BY: MALVI SHAH
Complete fashion solution
BOSS STUDIO
PANKAJ SHAH
9769997949
OSCAR
PREM GROUP
LIFE BEYOND SQ. FT.
(Formerly known as M/s Premji M. Gada)
J.M. Kothari & Sons
હિરાલાલ મૃગ પરિવાર
Kamlesh
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ
અન્નદાન – મહાદાન
@ હેપી ફીજ
સંપર્ક : 79771 17894
one stop solution in general insurance
PC
Pankaj Chheda
93210 77077
Pankajbhai
+91 99303 38555
BONROCK SERVICES
LIAISONING WORK & CONSULTANCY
DHARMESH DANCE STUDIO
અનિતા ઠક્કર
Stitch-Ell GENT'S BOUTIQUE
IN TIME TOURS
સંધ્યાબેન અરૂણ ભીડે
માતુશ્રી મણીબેન જેરામ પોપટ પરિવાર
મોટી ભાડઈ(માંડવી-કચ્છ)
Tickets available on book my show Also....
સંપર્ક : 9322257731 • 9769305488


Click Here

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે 9920014863



# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26



અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894



વર્ષ : ૨૭ • અંક : ૨૯ • સળંગ અંક : ૧૩૪૫ • મુંબઈ • બુધવાર • તા.૭ ઓગસ્ટ - ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ • કુલ પાના : ૨૪ • કિંમત રૂ.૫.૦૦


## મુલુંડમાં વિવિધ શિવાલયોમાં પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે પ્રથમ સોમવારે ધર્મભક્તિની ગુંજ


શ્રી બાલરાજેશ્વર મહાદેવ


બાવાજીની ઝૂંપડી

ભોલેનાથ શંકર મહાદેવની ભક્તિનો મહિનો એટલે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ સોમવાર તા.૫ ઓગસ્ટના થયો. શિવભક્તો આ શ્રાવણ માસનો પ્રારંભ અને તેનો અંત સોમવારના જ થતો હોવાથી હર્ષાનંદ અનુભવે છે. આ માસમાં પાંચ સોમવારે શિવભક્તિ અને આરાધનાનો લાભ મળશે એનો આનંદ માણવા માટે રમમાણ છે.

મુલુંડના ઐતિહાસિક આસ્થાધામ એલ.બી.એસ. માર્ગના શ્રી બાલરાજેશ્વર મહાદેવ મંદિરને રોશનીથી ભવ્ય રીતે શણગારાયું છે. સમગ્ર પરિસરમાં નયન રમ્ય સજાવટ કરી ભવ્ય રૂપ અપાયું છે. તા.૫ ઓગસ્ટ સોમવારના અત્રેના શિવલિંગને ઉજ્જૈનના મહાકાલ દેવના લિંગની તર્જ પર ખાટુશ્યામની ભવ્ય પ્રતિકૃતિની સજાવટ કરીને રૂપ અપાયું હતું. જે ભક્તોને માટે વિશેષ આકર્ષણ રૂપ બની રહ્યું હતું.

તે સિવાય શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર, જે.એન.રોડના બ્રહ્માંડેશ્વર મહાદેવ મંદિર, માતાજીના બંગલા પરિસરના મહાદેવ મંદિર, પાંચ રસ્તાના બિલેશ્વર મહાદેવ મંદિર, ગણાત્રા પોલીસ ચોકી રેલ્વે સ્ટેશન સામેના શંકર મંદિરે, શિવ શ્રધ્ધાળું ભક્તો આસ્થા સાથે દર્શન કરવા ભીડ કરી હતી. હર હર મહાદેવ, શિવ શંભો અને ૐ નમ: શિવાયના નાદ જપતા ધર્મ ભક્તિ અને આરાધના કરી હતી.


ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
3 BHK ઝવેર રોડ ખાતે વેચવાનો છે 3.35 કરોડ,
લોક એવરેસ્ટ 2.49 કરોડ (ફુલી ફર્નિશ્ડ)
દેવીદયાલ 2.39 કરોડ
8169222044



કિંજલ ફૂડ
વિદેશમાં ઉપયોગી રેડી ટુ ઈટ, ડીહાઈડ્રેટેડ, ફ્રીઝડ્રાઈડ, ફ્રોઝન ફૂડ માટે વ્યાપારી પૂછપરછ આવકાર્ય
તેમજ ભારતમાં પ્રવાસ દરમિયાન ટ્રેન-એરપોર્ટ ઉપર ફ્રેશ જૈન વેજ/સાત્વિક ફૂડ
92215 06127
website : www.kinjalfood.com









Click Here

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ દ્વારા

# ગહુલી અને આંગી વર્કશોપ

શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ મહિલા વિભાગ દ્વારા ગહુલી અને આંગી વર્કશોપ (માલિની શેઠ) જેમાં શીખશું બેઝિડ સ્વસ્તિકથી અલગ અલગ પ્રકારની ગહુલીઓ અને અષ્ટમંગલ જે આપણને ધાર્મિક વિવિધ પ્રસંગોમાં અને ગુરુ મહારાજના વ્યાખ્યાનમાં આલેખવામાં થાશે મદદરૂપ તેમજ પર્યુષણ પર્વની તૈયારી રૂપે મેળવવી થોડું આંગી વિશેનું પણ જ્ઞાન. તો ચાલે શીખીએ દીપાવીએ આપણા માંગલિક પ્રસંગો. આ તક ચૂકતા નહીં.

આજે બુધવાર તા.૭ ઓગસ્ટ અને આવતી કાલ ગુરૂવાર તા.૮ ઓગસ્ટના બપોરે ૩ થી ૫ વાગે શ્રી મુલુંડ ક.વિ.ઓ.સમાજ, પહેલા માળે, જૂની પ્રગતિ હોસ્પિટલ, ગણેશ ગાવડે રોડ, મુલુંડ વેસ્ટ. ફી ક.વી.ઓ. માટે રૂા.૨૫૦/-, અન્ય માટે ૩૦૦/-.

વધુ વિગત માટે સંપર્ક : પ્રીતિ છેડા-૯૯૨૦૬૯૩૯૮૯, શિલ્પા દેઢિયા-૯૦૨૯૮૯૦૦૬૬. જી.પે નંબર : ૮૪૫૨૯૩૨૨૪૨

## શ્રી મુલુંડ ક.વી.ઓ.સમાજ સાંસ્કૃતિક સમિતિ લાવી રહી છે સ્તવન હરિફાઈ

શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ સાંસ્કૃતિક સમિતિ આપની સમક્ષ લાવી રહી છે ચાર્તુમાસમાં 'સ્તવન હરિફાઈ'. મનને પ્રસન્ન અને પ્રફુલ્લિત કરવા, પરમાત્માના ગુણો ગાવા આત્માને પરમાત્મા સાથે જોડાવવા તો આવો સહુ સ્તવન સ્પર્ધામાં નામ નોંધાવો અને જીતો ઈનામો.

જૂથ ૧ બાલકિશોર ૮ થી ૧૫ વર્ષ, જૂથ ૨ યુવાન ૧૬ થી ૪૫ વર્ષ, જૂથ ૩ જ્યેષ્ઠ/વરિષ્ઠ ૪૬ વર્ષથી ઉપર, સ્તવન સમય ૩ મિનિટ થી ૫ મિનિટ સુધી.

ખાસ નોંધ : સ્તવન મોઢે ગાવાના રહેશે. રચયિતા દ્વારા રચાયેલા સ્તવનની જ હરિફાઈ માટે ગણતરી કરવામાં આવશે.

તા.૧૦મી ઓગસ્ટ ૨૦૨૪ શનિવારના ૩ થી ૫ વાગ્યે સુધી. ફી કે.વી.ઓ.માટે રૂા.૧૫૦/- અને અન્ય માટે રૂા.૨૦૦/-. જીપે નં.૮૪૫૨૯૩૨૨૪૨.

નામ નોંધાવવાની છેલ્લી ગુરૂવાર, તા.૮ ઓગસ્ટ ૨૦૨૪ના શ્રી મુલુંડ ક.વી.ઓ. સમાજ, જાનકી નિવાસ, પહેલે માળે, જૂની પ્રગતિ હોસ્પિટલની ઉપર, ગણેશ ગાવડે ક્રોસ લેન, બાવાજીની ઝૂંપડીની સામે, મુલુંડ વેસ્ટ.

વધુ વિગતો માટે સંપર્ક : પ્રજ્ઞા બોરીચા-૯૮૬૯૯૫૨૩૦૦, દીપ્તિ કારાણી-૯૯૨૦૫૯૦૯૦૬, છાયા દેઢિયા-૯૯૬૯૮૨૮૮૮૩

## શ્રી ચેકનાકા વાઘલે એસ્ટેટ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘની કારોબારી કમિટીની નિમણૂંક

શ્રી ચેકનાકા વાઘલે એસ્ટેટ વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (શ્રીમાન ગાભુભાઈ મેકણભાઈ બૌવા ધર્મસ્થાનક)ના તા. ૩૧-૩-૨૦૨૪ થી ૧-૪-૨૦૨૭ સુધી કારોબારી કમિટીના નિયુક્ત પદાધિકારીઓ વેલજી રણમલ બૌવા-નૂતનત્રંબૌ (ચેરમેન ટ્રસ્ટી), પ્રવીણ લખમશી બૌવા-ત્રંબૌ (ટ્રસ્ટી), પ્રેમજી અરજણ બોરીચા-નૂતનત્રંબૌ (ટ્રસ્ટી), ચાંપસી ખેરાજ કારીઆ-રવ (પ્રમુખ), મણસી ખેરાજ કારીઆ-રવ (ઉપપ્રમુખ), વેરસી માંયાભાઈ છેડા-રવ (મંત્રી), પ્રવીણ ભચુભાઈ છાડવા-સુવઈ (મંત્રી), શાંતિલાલ શામજી કારીઆ-રવ (મંત્રી), રમણીક મણસી છેડા-રવ (ખજાનચી), કારોબારી સભ્યો : કિશોર પોપટલાલ સતરા-સુવઈ, પ્રફુલ્લ વેલજી બૌવા-નૂતનત્રંબૌ, રમેશ મણસી કારીઆ-રવ, કિશોર શામજી કારીઆ-રવ, નીતિન પોપટ છાડવા-સુવઈ, ધર્મેશ પ્રવીણ બૌવા-ત્રંબૌ, કો.ઓપ સભ્યો : ખુશાલ ચાંપસી કારીઆ-રવ, નવીન હરસી બોરીચા-નંદાસર

# શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ ભક્ત મંડળ દ્વારા પવિત્ર શ્રાવણ માસના પાંચ સોમવારે રાતે સંતવાણીનું ભવ્ય આયોજન

શ્રી બ્રહ્માંડેશ્વર મહાદેવ ભક્ત મંડળ દ્વારા પરંપરાગત રીતે દર વર્ષે પવિત્ર શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે મુલુંડ વેસ્ટ જવાહરલાલ નહેરૂ રોડ, આર્ય સમાજની પાછળ આવેલા ઐતિહાસિક શિવ આસ્થાધામ શ્રી બ્રહ્માંડેશ્વર મંદિર પ્રાંગણમાં વિવિધ સૂર આરાધકોની સંતવાણી યોજાય છે.

આ ઉપક્રમમાં સોમવાર તા.૫ ઓગસ્ટના શરૂ થયેલ શ્રાવણ માસના પ્રથમ સોમવારે રાતે ૯ કલાકે નિરવ બારોટ તથા ધર્મેશ બારોટની ભવ્ય સંતવાણી યોજાઈ. ત્યારબાદ બીજા સોમવાર શ્રાવણ સુદ ૭ના તા.૧૨ ઓગસ્ટના નારાયણ ઠાકર જેતપુરવાળા અને વિવેક સંચાલા ભજન ભક્તિ રજૂ કરશે. શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધન દિને તૃતીય સોમવાર તા.૧૯ ઓગસ્ટના જૂનાગઢવાળા ધવલ બારોટ, મુંબઈના કલાકારો જીતુભાઈ ભાનુશાલી અને મીનાક્ષીબેન સુખડીયા સંતવાણી રજૂ કરશે. શ્રાવણ વદ આઠમ ચતુર્થ સોમવાર, તા.૨૬ ઓગસ્ટના કચ્છના ભજનિક હરિઓમ ગઢવી તેમજ જૂનાગઢના રાજદાન ગઢવી શિવ ભક્તિ ભજનની રસલ્હાણ કરશે અને પવિત્ર શ્રાવણ માસના અંતિમ પાંચમા સોમવાર શ્રાવણ વદ અમાવસ્યા તા.૨ સપ્ટેમ્બરના માંડવી કચ્છના કચ્છી મોરલો નીલેશભાઈ ગઢવી, અલ્પાબેન પટેલ અને જૂનાગઢના યોગેશ પુરીના ભત્રીજા જેનીલ પુરી ગોસ્વામી સંતવાણી કાર્યક્રમમાં ભજન-ધૂન-છંદની રમઝટ જમાવશે.

દરેક સોમવારની સંતવાણીમાં સંગીત સાંજીદાઓ સાથ આપશે જેમાં તબલા વાદક કાસમ ઉસ્તાદ, હુસેન ઉસ્તાદ ભોજાયવાળા, શહેનાઈ ઉપર સંગત આપશે અનવર ઉસ્તાદ, બેન્જો વાદક સચિન, મંજીરાના માણિગર મગનભાઈ, માધુભાઈ ભાનુશાલી અને સાઉન્ડ સિસ્ટમ એ-વન સાઉન્ડ સમીર ગાલાનું સ્ટેજ સજાવટ ચેતન ડેકોરેશન નરેશભાઈ, વીડિયો શૂટિંગ કનૈયા જી.બારોટ. સંતવાણીનું લાઈવ પ્રસારણ લોકલ ચેનલ હોમ કેબલ ઉપર થશે. કાર્યક્રમમાં ફેરફાર કરવાનો હક મંડળને આધિન રહેશે.

મુલુંડ અને પરિસરની ભજન પ્રેમી પ્રજા અને ભાવિક ભાઈ બહેનોને હવે પછીના શ્રાવણ માસના ચાર સોમવાર રાત્રે ૯ કલાકે અચૂક પધારવાનું અને ધર્મલાભ સાથે ભજનાનંદમાં રસતરબોળ થવાનું ભાવભર્યું આમંત્રણ આપે છે.

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ આયોજીત સરસ્વતી સન્માન સમારોહના ફોર્મ ભરવાની અંતિમ તા.૮ ઓગસ્ટ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ દ્વારા મુલુંડમાં વસતા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન સમારોહનું આયોજન તા.૧૮ ઓગસ્ટ રવિવારના રોજ કરવામાં આવ્યું છે. ફોર્મ ભરવાની અંતિમ તા.૮ ઓગસ્ટ ૨૦૨૪ ગુરૂવાર સુધી રહેશે. ફોર્મ શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના કાર્યાલયમાંથી મળશે.

# સિનિયર સિટિઝન્સ એસોસિએશન, મુલુંડની વાર્ષિક સામાન્ય સભા ૨૪ ઓગસ્ટના યોજાશે

સિનિયર સિટીઝન્સ એસોસિએશન, મુલુંડની ૪૧મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, તા. ૨૪ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે મહારાષ્ટ્ર સેવા સંઘ, શ્રીમતી સુવિધા ગોખલે હોલ, બીજા માળે, જવાહરલાલ નેહરૂ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૮૦ ખાતે આયોજિત કરવામાં આવી છે. આ સભાના એજન્ડા છેઃ વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સનું વાચન અને તેને મંજૂરી, ઓડિટ રીપોર્ટ તેમ જ વર્ષ ૨૦૨૩-૨૪ના એકાઉન્ટ્સની રજૂઆત અને મંજૂરી, વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓડિટરની નિમણુંક અને સિનિયર સિટિઝન એસોસિએશનની ભવિષ્યની પ્રવૃત્તિઓ અંગે સામાન્ય ચર્ચા. આ ઉપરાંત ચૂંટણી બાબતમાં જણાવવામાં આવ્યું છે કે સંસ્થાના સભ્યો મેનેજિંગ કમિટીમાં જોડાવા સ્વેચ્છાથી આગળ આવે, મેનેજિંગ કમિટીમાં અમુક સીટ્સ ખાલી હોવાથી તેઓની નિમણૂક બિનવિરોધ કરવામાં આવશે. સંસ્થાને વધુ ક્રિયાશીલ બનાવવા માટે મેમ્બર્સના સૂચનો પણઆવકાર્ય છે. આ સભામાં પ્રમુખની મંજૂરીથી અન્ય કોઈ બાબત પણ રજૂ કરી શકાશે.

## તરૂણ મિત્ર મંડળ-મુલુંડ શાખા દ્વારા ૧૦મી રક્તદાન શિબિરનું આયોજન

તરૂણ મિત્ર મંડળ-મુલુંડ શાખા દ્વારા માનવ રક્તદાન અભિયાન અંતર્ગત આર્ય નિવાસ ટ્રસ્ટના સથવારે ૧૦મી રક્તદાન શિબિરનું આયોજન રવિવાર, તા.૧૧ ઓગસ્ટના સવારે ૯ થી સાંજે ૬ દરમ્યાન આર્ય નિવાસ ટ્રસ્ટ હોલ, વિકાસ સેન્ટર, છઠ્ઠા માળે, એન.એસ. રોડ, મુલુંડ (વે) ખાતે કરવામાં આવ્યું છે. દીપ પ્રાગટ્ય સવારે ૧૦ વાગ્યે કરવામાં આવશે. આ શિબિરના સૌજન્યદાતા મીત્સુ ફાઉન્ડેશન-મુલુંડ છે. વધુ માહિતી માટે સંપર્ક : ૯૩૨૨૯૩૫૬૭૬

## રિધ્ધિ સિધ્ધિ ગ્રુપનો આગામી પ્રોગ્રામ નં. ૧૦ઃ નવું નક્કોર નાટક-'લોચા લાપસી'

રિધ્ધિ સિધ્ધિ ગ્રુપનો આગામી પ્રોગ્રામ નં. ૧૦ઃ નવુંનક્કોર નાટક. અમારૂં, તમારું નહીં પણ આપણું.. હા! આપણું રિધ્ધિ સિધ્ધિ ગ્રુપ. આપના સાથ સહકારથી જોરદાર તૈયારી સાથે.. ન ધરા સુધી, ન ગગન સુધી, આપણે જવું એકમેકના મન સુધી.

ગુજરાતી કોમેડી નાટક-'લોચા લાપસી'નું આયોજન શુક્રવાર, તા.૧૬ ઓગસ્ટના રાત્રે ૯ કલાકે કાલિદાસ નાટયગૃહ ખાતે કરવામાં આવ્યું છે. ઘરની બહાર કરે તેને લોચા કહેવાય, ઘરની અંદર બનાવે તેને લાપસી કહેવાય, આ લોચા લાપસી, જોવા ધર્મપત્ની, સહકુટુંબ માણવા જેવું નાટક. તા.૧૫ ઓગસ્ટ સુધી રિધ્ધિ સિધ્ધિ ગ્રુપના મેમ્બર બનશે તેને આ નાટકની ટિકિટ ફ્રી આપવામાં આવશે.

ખાસ નોંધઃ નવા મેમ્બરો જૂજ લેવાના હોવાથી આપ વહેલામાં વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવી લેશો. રિધ્ધિ સિધ્ધિ ટેલર, બીપીએસ પ્લાઝા, બસ ડેપોની બાજુમાં, દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ). સમયઃ સવારે ૧૧થી ૧, સાંજે ૫ થી ૮. સંપર્કઃ રાજેન્દ્ર અગરબત્તીવાલા- ૯૮૨૦૩ ૦૨૯૦૨, વિશાલ મહેતા – ૯૮૧૯૦ ૨૬૭૩૭.

Click Here

# ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસની વધાઈ

ભારત એક આધ્યાત્મિક પ્રધાન દેશ છે આપણે સૌ જાણીએ છીએ કે ૧૯૪૭માં ભારતવાસીઓ કાનૂની રીતે સ્વતંત્ર થયા. પરંતુ વર્તમાન સમયે એ પ્રશ્ન ઊઠે છે કે શું આપણે સાચા અર્થમાં સ્વતંત્ર છીએ? દરેકના દિલમાંથી અવાજ આવશે નહી કારણ કે દિવસે દિવસે વધતી જતી અરાજકતા અને ઉચ્છૃંખલતા અને અનુશાસન હિનતા જોઈ વ્યક્તિ પોતે જ પોતાને સ્વતંત્રહીન સમજે છે વિચાર કરવાથી ખ્યાલ આવે છે આનું કારણ મનુષ્યમાં રહેલો ચારિત્ર્ય બળ, મનોબળ તેમજ નૈતિક બળ તથા સંગઠનની ખામી દેખાય છે.

વાસ્તવમાં આ બધું પ્રાપ્ત કરવા માટે માનવને જોઈએ જ્ઞાનબળ, ઈશ્વરીય બળ જે ઈશ્વરને ઓળખવાથી અથવા ઈશ્વરને યાદ કરવાથી જ પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં સાચી સ્વતંત્રતા એને કહેવાય જે વ્યક્તિનો સ્વભાવ શાંત, પવિત્ર, ચારિત્ર્યવાન, આદર્શ બનીને અપકારીઓ પર પણ ઉપકાર કરે તેમજ વ્રત, જપ, તપની સાથે પ્રવૃત્તિ માર્ગમાં રહીને પણ મન, વચન, કર્મથી, પાપ, કર્મ કરતા અટકે તેમજ સકારાત્મક વિચારોથી પોતાને સ્વસ્થ રાખે અને બીજાના ગુણ ગ્રહણ કરી ગુણવાન બને અને એ દ્રઢ નિશ્ચય રાખે કે ભારત મહાન છે અને મહાન રહેશે. ભારત ભૂમિ સંતોની, મહંતોની દેવી દેવતાઓની તેમજ સમય આવે ત્યારે શહીદ થનારા લોકોની આ પાવન ભૂમિ છે. આપણે સૌએ મળીને ફરીથી આ ભૂમિને અથવા ભૂમિ પર રહેવાવાળાને દિવ્ય ગુણોથી આદર્શ બનાવીએ તેમજ ફરીથી ચારિત્ર્યવાન બનાવી એ ત્યારે જ સાચી સ્વાતંત્રતાનો અનુભવ કરી શકાય. વર્તમાન સમયે મન દુઃખી, દરિદ્ર તેમજ ૫ વિકારોનો અધીન બની ચૂક્યો છે. જેથી સ્વતંત્રતા નહી પોતાને પરતંત્ર સમજે છે એટલે હવે આ વર્ષે પોતાની ખામીઓને દૂર કરી સર્વશક્તિવાન શિવ પિતાથી શક્તિ પ્રાપ્ત કરી સર્વ પ્રથમ મનને બળવાન બનાવવા નિર્બળતાની ગુલામીથી છોડાવીએ એવી શુભભાવના અને શુભકામના.

**– બ્રહ્માકુમારી**
**ડૉ.ગોદાવરી દીદી**

# મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા 'કંકુ છાંટી કંકોતરી મોકલો' કાર્યક્રમ અદ્દભૂત રહ્યો








રવિવાર, તા. ૪ ઓગસ્ટના રોજ ઘાટકોપર બ્રાહ્મણ સમાજના હોલમાં અકાદમી દ્વારા આયોજીત ઉત્તર ગુજરાતના લગ્ન ગીતોનો કાર્યક્રમ સ્વર સાધના yes, i can sing' ના સ્થાપક પ્રમુખ અતુલ પંડ્યા, વીણા પંડ્યા અને સહ ગાયકીમાં સરોજ ઉપાધ્યાય દ્વારા રજૂ કરાયો. આખો હોલ ખીચોખીચ ભરાયેલ હતો જેથી શ્રોતાઓને સ્ટેજ પર બેસાડવા પડેલ. બે કલાક માટે આખા હોલમાં ઉત્તર ગુજરાતના લગ્નના માહોલ સર્જાયો હતો. ગાયકોની સાથે શ્રોતાઓ એ પણ લગ્ન ગીતો અને ફટાણા ગાઈને માણ્યા. ગિનીસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર તબલા પ્લેયર તૃપ્તરાજ પંડ્યા અને કીબોર્ડ પ્લેયર કાનજીભાઈ ગોઠીએ અદ્દભૂત જુગલબંદી રજૂ કરી લગ્નનું વાતાવરણ ઉભુ કર્યું. વીણા પંડ્યા દ્વારા લખાયેલ લગ્નની પુસ્તિકા હાજર રહેલ દરેક શ્રોતાને ભેટ તરીકે આપવામાં આવી. કાર્યક્રમનું સંકલન કવિ સંજય પંડ્યા અને સંચાલન ડૉ.હિતેશ પંડ્યા દ્વારા કરાયું. સૂત્રધાર તરીકે અતુલ પંડ્યાએ સર્વેને આનંદ કરાવ્યો અને આપણી પરંપરા અને ધરોકરનું રસપાન કરાવ્યું.

# ઈશાન્ય મુંબઈની હોસ્પિટલોની દુર્વ્યવસ્થાનો મુદ્દો સંસદમાં સંજય પાટીલે મક્કમતાથી ઉઠાવ્યો



મુંબઈ મહાવિકાસ આઘાડીના ઈશાન્ય મુંબઈના સાંસદ સંજય દિના પાટીલે સંસદમાં હોસ્પિટલોની દુર્વ્યવસ્થા અંગેનો મુદ્દો ઉઠાવતી વખતે સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી. ઉત્તરપૂર્વ મુંબઈની હોસ્પિટલો મૃતપ્રાય થઈ રહી છે એટલે સરકારે આ તરફ ધ્યાન આપવું જોઈએ. આ વિસ્તારમાં તમામ સુવિધાઓથી સજ્જ એક પણ હોસ્પિટલ નથી અને રોગચાળાને કારણે લોકોનું જીવન ટૂંકું થઈ રહ્યું છે. આ કહેતી વખતે, તેમણે સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી અને અત્રેના લોકોને વધુ સારી તબીબી સુવિધાઓ પ્રદાન કરવા વિનંતી કરી.

મુંબઈનો તમામ કચરો મારા મતવિસ્તારમાં આવતો હોવાથી આ જગ્યાએ રોગચાળો વધી રહ્યો છે. હેલ્થકેર પડી ભાંગી છે અને આયુષ્ય ઘટ્યું છે. જો કોઈ સારી વ્યક્તિ આ હોસ્પિટલમાં જશે તો તે વધુ બીમાર થઈ જશે.

મુલુંડમાં ESIC (કામગાર હોસ્પિટલ)ની હાલત દયનીય છે અને ઘાટકોપરની રાજાવાડી જનરલ હોસ્પિટલમાં પણ આવી જ સ્થિતિ છે જ્યારે ભાંડુપમાં એક હોસ્પિટલનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને તે ક્યારે પૂરું થશે તે ખબર નથી. વિક્રોલી હોસ્પિટલની હાલત પણ આવી જ છે.

શિવાજી નગર, ગોવંડી વિસ્તારમાં સૌથી વધુ રોગચાળો છે. તેનું કારણ આ વિસ્તારનો કચરો છે. મુંબઈનો બધો કચરો ઉત્તર પૂર્વ મુંબઈમાં આવે છે. દેવનાર વિસ્તારમાંથી આવતા કચરાને કારણે આ જગ્યાએ સૌથી વધુ રોગચાળો ફેલાયો છે. સાંસદ સંજય દિના પાટીલે સંસદમાં જણાવ્યું હતું કે સરકારી સર્વેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે આ સ્થળોએ રહેતા લોકોનું આયુષ્ય ૧૦ થી ૧૫ વર્ષ સુધી ઘટી ગયું છે. તેથી, તેમણે કહ્યું કે મારી કેન્દ્ર સરકારને વિનંતી છે કે ઉત્તર પૂર્વ મુંબઈની તમામ હોસ્પિટલો તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હોવી જોઈએ.

# રાજ્ય સરકાર હવે જાગી :
## વરિષ્ઠ નાગરિકો માટે કલ્યાણ યોજના શરૂ કરશે

મહારાષ્ટ્ર સરકાર દ્વારા લાડકી બહેન અને પ્યારી દીકરી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી અને તેને સારો પ્રતિસાદ મળતાં પ્રોત્સાહિત થયેલા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ હવે સિનિયર સિટિઝન્સ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વરિષ્ઠ નાગરિકોની સંભાળ લેવી એ સરકારની ફરજ છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આગામી વર્ષોમાં વરિષ્ઠ નાગરિકો માટે કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલ માટે ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી હતી. મુખ્ય પ્રધાને વરિષ્ઠ નાગરિક કલ્યાણ મંડળની સ્થાપનાની જાહેરાત કરી હતી અને વરિષ્ઠ નાગરિકો માટેની તમામ યોજનાઓ આ નિગમ દ્વારા અમલમાં મૂકવામાં આવશે એવી માહિતી આપી હતી. મુંબઈમાં સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે આયોજિત વરિષ્ઠ નાગરિકોની નીતિ અંગેની બેઠકમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે તાજેતરમાં યોજાયેલી નીતિ આયોગની બેઠકમાં વિકસિત ભારત ૨૦૪૭ને ધ્યાનમાં રાખીને આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે. વરિષ્ઠ નાગરિકો માટે સુવિધાઓની વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યારથી જ તૈયારી કરવી જરૂરી છે. હાલમાં સરકારે વરિષ્ઠ નાગરિકો માટે વયોશ્રી યોજના શરૂ કરી છે અને તેનો લાભ સીધો ડીબીટીના માધ્યમથી આપવામાં આવી રહ્યો છે. આ સાથે એસટીની મુસાફરીમાં ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે. આગામી સમયમાં દરેક નગરપાલિકા વિસ્તારમાં સિનિયર સિટિઝન્સ માટે મનોરંજન કેન્દ્રો બનાવવામાં આવશે. આ કેન્દ્ર દ્વારા વરિષ્ઠ નાગરિકોને ડિમેન્શિયા, અલ્ઝાઈમર રોગ માટે પણ મદદ પૂરી પાડવામાં આવશે. તેમણે કહ્યું હતું કે શરૂઆતમાં વરિષ્ઠ નાગરિકોને આવશ્યક ઈન્ફ્લ્યુએન્ઝા અને ન્યુમોનિયાના રસીકરણ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાઈલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકવો જોઈએ. તે પછી આ રસીઓ બાળાસાહેબ ઠાકરે દવાખાનાના માધ્યમથી રાજ્યભરમાં ઉપલબ્ધ કરાવવી જોઈએ. એકનાથ શિંદેએ વરિષ્ઠ નાગરિકોના ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા હોસ્પિટલ ઓન વ્હીલ્સ કોન્સેપ્ટને ટૂંક સમયમાં અમલમાં મૂકવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકારને રેલ મુસાફરી પર વરિષ્ઠ નાગરિકોને આપવામાં આવેલી છૂટ ફરી શરૂ કરવા અને વ્હીલચેર અને અન્ય આવશ્યક સામગ્રીઓ અને તબીબી બિલો પર જીએસટી ઘટાડવા વિનંતી કરવામાં આવશે.

Click Here

# શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા યોજાયેલ મેગા હેલ્થ ચેક અપ કેમ્પને સુંદર પ્રતિસાદ મળ્યો







શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા દાતાશ્રીઓના સંગાથે મેગા હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન તા.૩ જુલાઈના રોજ મુલુંડ (પ)માં લાયન્સ પેવેલિયનમાં કરવામાં આવ્યું હતું. કેમ્પમાં આંખોના નંબર તપાસવામાં આવ્યા હતા. જરૂરિયાતવાળાને ચશ્મા બનાવી આપવામાં આવશે. અમુક કિસ્સામાં મોતીબિંદુના ઓપરેશન પણ કરાવી આપવામાં આવશે. સાંભળવાની તકલીફવાળાની ઓડિયોગ્રામથી વિશિષ્ટ તપાસણી કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બ્લડ સુગર અને બ્લડ પ્રેસર પણ ચેક કરી કન્સલ્ટીંગ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો દોઢસોથી વધુ જરૂરતમંદોએ લાભ લીધો હતો. કેમ્પ માટે કન્વીનર ઉપ પ્રમુખ રમેશભાઈ કોટક, સહકન્વીનરો મંત્રી અલ્પેશ દેઢિયા, કોષાધ્યક્ષ કલ્પનાબેન ખંધેડિયા, કારોબારી સભ્ય દિપકભાઈ શાહે વિશેષ જહેમત ઉઠાવી હતી. કેમ્પ માટે વિશેષ રૂચિ લીધેલ પ્રમુખ શ્રી શરદભાઈ પટેલે દીપ પ્રજ્વલન બાદ બધાને આવકાર્યા હતા. મહામંત્રી લાલજી સરે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે માજી પ્રમુખ કાંતિભાઈ ભાનુશાલી, ઉપ પ્રમુખ રાકેશ જોશી, મંત્રી સંજીવ જોશી, કારોબારી સભ્યો માજી પ્રમુખ, એડ. હર્ષદભાઈ દેસાઈ, ભગવાનજીભાઈ હરિયા, કિશોર સર, નિર્મલાબેન છેડા, આમંત્રિતો લાયન પ્રમુખ ભરતભાઈ છેડા, દાતા- લાયન બટુકભાઈ શાહ, લાયન ભવાનજીભાઈ શાહ, લાયન યોગેશ ઠક્કર, લાયન અનઘા ગાંધી, બિપિન પંચાલ, કાશ્મીરાબેન પટેલ, નીતાબેન જોશી, ઈલાબેન ઠક્કરવગેરેની વિશેષ ઉપસ્થિતિ હતી. દાતાશ્રીઓને શુભેચ્છા પ્રતિક રૂપે આયોજકો તરફથી આકર્ષક પેનની ભેટ આપવામાં આવી હતી. લાયન્સ કલબ ઓફ મુલુંડ, લાયન્સ કલબ ઓફ થાને કોપરી, કાન મંત્ર (ઓડિયોલોજીસ્ટ) સહયોગી સંસ્થાઓ હતી. આ કેમ્પ માટે શ્રી મુલુંડ ગુજરાતી સમાજને ઉપરોક્ત વિભાગોની મેડિકલ ટીમ અને સેવાભાવી સ્વયંસેવકોનો સારો સાથ મળ્યો હતો.





PANCHAL PUBLICITY : 9004160383










Click Here

# સંગિની ગ્રુપ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ તથા સંગિની ગ્રુપ દ્વારા સોમવાર, તા.૫ ઓગસ્ટના મુલુંડ (વે)માં વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો તે અંતર્ગત મુલુંડ (વે) માં ત્રિમૂર્તિ રોડ સ્થિત મધર ટેરેસા ગાર્ડનમાં વૃક્ષારોપણ કરી રહેલા બંને ગ્રુપના સભ્યો જેએસજી મુલુંડના પ્રમુખ જયંતિલાલ મૈશેરી ખજાનચી લહેરચંદ ગાલા, મંત્રી દિલીપ શેઠ તથા ડિમ્પલબેન કોરડિયા, સંગિની ગ્રુપના હીનાબેન પારેખ, ગીતાબેન શાહ તેમજ અતિથિ વિશેષ તરીકે હાજર રહેલા મેરેથોન ગ્રુપના અનુસુયાબેન શાહ તથા મા. નગરસેવિકા સમિતા વિનોદ કાંબલે જણાય છે. આ ઉપરાંત બંને ગ્રુપ દ્વારા પાંચ રસ્તા સ્થિત મેટરનિટી હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાઓને ચણા-ગોળનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.





# આર.આર.એજ્યુકેશન ટ્રસ્ટની બી.એડ.કોલેજમાં વર્લ્ડ કન્સર્વેશન ડે ઉજવાયો

આર.આર.એજ્યુકેશન ટ્રસ્ટની બી.એડ.કોલેજમાં શુક્રવાર, તા.૨૬મી જુલાઈના વર્લ્ડ કન્સર્વેશન ડે નિમિત્તે વૃક્ષોના સંરક્ષણ કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.

આ પ્રસંગે મ્હાડા કોલોની પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ નિરીક્ષક મદન પાટિલે વૃક્ષને પ્રતિકાત્મક રિબીન કાપીને વૃક્ષોને બચાવોનો સંદેશ આપ્યો હતો. ચેરમેન રાજેન્દ્રપ્રસાદ સિંહ, મેનેજમેન્ટના સભ્યો, પ્રિન્સિપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ એકતા દર્શાવીને પ્રકૃતિની આ અમૂલ્ય ભેટને જાળવવાનો સંકલ્પ કર્યો હતો. સૌ સાથે મળીને સસ્ટેનેબલ ગોલ્સને પ્રોત્સાહિત કરી. સુખમય અને હરિયાળો કેમ્પસ બનાવવાનો નિશ્ચય કર્યો હતો.


Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending
Photos and Videos.
Kalpesh Thakkar
9224944922, 9223944922

New Collection in Festival Season
M to 10 XL કુર્તી,
કુર્તી-પેન્ટ સેટ,
વેસ્ટર્ન ટોપ, વેસ્ટર્ન ગાઉન,
પેન્ટ, જેગીન, પાયજામા,
ટી શર્ટ, લેડીઝ નીકર
બધામાં નીત-નવિન
વેરાયટી જોવા આજે
જ મુલાકાત કરો.
Hemangi Dedhia
9987897979

મેડીક્લેઈમ પોલીસી
ફેમીલી ફ્લોટર મેડીક્લેઈમ
પોલીસી ૫ લાખથી ૧ કરોડ
ઉંમર ૦ થી ૭૫ વર્ષ મેડીકલ
રીપોર્ટ વગર, કેશલેશ કાર્ડ
સાથે પોર્ટેબીલીટી મળશે.
વધુ વિગત માટે સંપર્ક
દીલીપભાઈ-91366 21227


PART TIME JOB
A REPUTED MNC REQUIRE
Retired / VRS /
House Wives /
Senior Citizen to
Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

ડ્રાયફ્રુટ અને ચોકલેટ લોકોના ઘર-ઘર સુધી પહોંચાડવા
મુલુંડના આ ગુજરાતી બહેન બન્યા અગ્રેસર
દરેક પ્રકારના ડ્રાયફ્રુટ,
ચોકલેટ,અને સિડ્સ હોલસેલ
ભાવે મંગાવવા નીચે આપેલા
નંબર પર તાત્કાલિત ઓર્ડર કરો
રક્ષાબંધન માટે કસ્ટમાઈઝ ચોકલેટ તૈયાર કરી આપવામાં આવશે
અર્પિતા શાહ -9769456231

રક્ષાબંધન
જય મોમાઈમાં કેટરર્સ
રક્ષાબંધન વિશેષ પાર્સલ કિચન
જય મોમાઈ માં કેટરર્સ લઈને આવ્યા છે
રક્ષાબંધન વિશેષ પાર્સલ સેવા
૧૫ થી ૫૦ મહેમાનો માટે આકર્ષક
અને સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા
મેનુ
સ્વીટ
ફરસાણ
વેજીટેબલ
ઈંડિયન બ્રેડ
દાળ
ભાત
પાપડ અને સલાડ
Rate 400/- Per Person
Rate 400/- Per Person
બુકીંગ માટે સંપર્ક : Kinjal Chothani 9819220070
જય મોમાઈ માં કેટરર્સ સાથે દરેક ભોજન એક ઉત્સવ છે.

next LEVEL
House of Furnishing
Specialist in:
P.V.C../Wooden Flooring | Wall Paper | Carpet | Curtains
Roller / Vertical | Venetian Blinds | All types of Mattresses
Sofa | Chair Making and Repairing (Corporate & Individual)
Shop No.19, Silver Scape, Near L.I.C. Colony Kadam Pada, Mulund(West).
Contact : Jignesh Ganatra : 9892562881 / 8850658900
E-mail : jigneshganatra1805@gmail.com
Authorised Dealer | SN HOME DECOR | NuHome | THERAPEDIC | EXCEL | DECOR

Click Here







# સોમવારે ઠાકુર્લી પાસે ઓવરહેડ વાયરમાં બ્લાસ્ટની અસરથી

## સેન્ટ્રલ રેલ્વેના પ્રવાસીઓ સાંજે પીકઅવર્સમાં હેરાન થઈ ગયા

સોમવારના તા.૫ ઓગસ્ટના બપોરના સમયે ૨.૩૦ વાગે કલ્યાણ જતી લોકલ ટ્રેન ઠાકુર્લી પાસે પહોંચી ત્યારે ઓવરહેડ વાયરમાં બ્લાસ્ટ થતાં પ્રવાસીઓમાં અફડાતફડી મચી ગઈ હતી અને ટ્રેન થોભી જતા અટવાયેલા પ્રવાસીઓ ધડાધડ ઉતરી બીજા પાટાઓ ઉપર ચાલતા થયા હતા. જોકે અત્રે થયેલો ફોલ્ટ ચાર વાગ્યા સુધી સુધારી લેવાયો હતો. આ ખોટીપાને કારણે સેન્ટ્રલ રેલ્વેનો સમગ્ર ટાઈમટેબલ ખોરવાઈ ગયું હતું. જેની અસર રૂપે સાંજે પીક અવર્સમાં રેલ્વે સ્ટેશનો પર હકડેઠઠ ભીડ થઈ હતી અને ટ્રેનો રાતે દસ વાગ્યા સુધી અડધોથી પોણો કલાક મોડી દોડી રહી હતી.

તેમાં વળી વચ્ચે એસી ટ્રેનો રાબેતા મુજબ ટાઈમ ટેબલના સમયે દોડાવાઈ હતી. જેનો લાભ સામાન્ય પ્રવાસીઓ ભરપુર ઉઠાવ્યો હતો અને એસી લોકલના દરેક ડબ્બાના દરવાજા બંધ ન થતાં સ્ટેશને-સ્ટેશને મુશ્કેલી થઈ હતી. સાથે ટ્રેનો પ્લેટફોર્મ વધુ સમય સુધી અટકી રહી હતી જેને કારણે પ્રવાસ વધુ વિલંબીત થતો જતો હતો.




।। જય હાટકેશ ।। ।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી બાલ રાજેશ્વર પ્રસન્ન ।।


**રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ ફરી આપની સેવામાં મનોરંજનના બેતાજ બાદશાહ રાજેન્દ્ર અગરબત્તીવાળા પ્રસ્તુત**

ઓફિસઃ ૧૧, દેવીદયાલ રોડ, બીપીએસ પ્લાઝા, બસ ડેપોની બાજુમાં, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦. સમયઃ સવારે ૧૧ થી ૧, સાંજના ૫ થી ૮.

"અમે આવશું તો તમને ગમશે,
તમે આવશો તો બધાને ગમશે."

| | |
|---|---|
| **ચાર્ટર મેમ્બર** રૂા.૬૦૦૦ ROW: A to G | **ડાયમન્ડ મેમ્બર** રૂા.૪૦૦૦ ROW: H to L |
| **ગોલ્ડન મેમ્બર** રૂા.૩૦૦૦ ROW: M to O | **બાલ્કની મેમ્બર** રૂા.૧૨૦૦ First Come First |

**મેમ્બરશીપ પૂરજોશમાં ચાલુ છે**




સુખનું કોઈ શિડ્યુલ ના હોય,
આનંદની કોઈ એપોઈન્ટમેન્ટ ના હોય
અને પ્રેમનું પ્લાનિંગ ના હોય ...
જિંદગીને તો બસ મોજથી જીવો
એમાં કંઈ વિચારવાનું ના હોય...
અબ કી બાર કોમેડી કી સરકાર !

**શુક્રવાર, તા.૧૬ ઓગસ્ટ**
રાત્રે ૯.૦૦ કલાકે- કાલિદાસ નાટ્યમંદિર

એડવાન્સ બુકિંગ કાલિદાસ હોલ પર તા.૧૪ થી શરૂ સવારે ૯-૧૨ અને સાંજે ૫-૮ સુધી ચાલુ છે.

નોંધઃ ૧૫ ઓગસ્ટ સુધી મેમ્બરશીપ લેનારને આ પ્રોગ્રામની ટિકિટ ફ્રી આપવામાં આવશે.

**ઘર બેઠાં મેમ્બર બનો.**
Gpay No.98190 26737

વર્ષ દરમ્યાન ૧૦ પ્રોગ્રામ આપવામાં આવશે.

● ગુજરાતી નાટક, હાસ્ય બગીચો, પિકનીક તેમજ દાંડિયારાસ, પિક્ચર ● અન્ય નીત નવા પ્રોગ્રામ.
ખાસ નોંધઃ આપ પ્રોગ્રામમાં ન આવી શકો તો આપના બદલે અન્ય કોઈ વ્યક્તિને પણ મોકલી શકો છે.

આજે જ આપના ફેમિલીને રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ સાથે વહેલાસર ગ્રુપમાં જોડાઈ શકો છો.
રિદ્ધિ સિદ્ધિ ગ્રુપ હંમેશા Quality ને માન આપે છે નહીં કે Quantity ને સારા અને સંસ્કારી કાર્યક્રમ માણીએ. (ગ્રુપ બુકિંગ આવકાર્ય)

**રાજેન્દ્ર અગરબત્તીવાળા- 98203 02902, વિશાલ મહેતા - 98190 26737**


**Click Here**

# વક્ફ એક્ટમાં સુધારો: દેર આયે દુરસ્ત આયે




લોકસભાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી ના મળી પછી ભાજપે તેનો ખોવાયેલો જનાધાર પાછો મેળવવાની મથામણ શરૂ કરી છે. તેના ભાગરૂપે ભાજપ હિંદુવાદી એજન્ડાને પાછો ઉગ્રતાથી અમલી બનાવવામાં લાગ્યો છે. આ એજન્ડાના ભાગરૂપે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે વક્ફ એક્ટમાં સુધારો કરવાની તૈયારી આદરી છે. શુક્રવારે મોદી કેબિનેટની બેઠકમાં વક્ફ એક્ટમાં કુલ ૪૦ સુધારાને મંજૂરી આપી દીધી હોવાનું કહેવાય છે. આ સુધારા કેવા હશે એ વિશે સત્તાવાર રીતે કશું કહેવાયું નથી પણ વક્ફ એક્ટમાં કરાયેલા સુધારાના કારણે વક્ફ બોર્ડની સત્તાઓ મર્યાદિત થઈ જશે. અત્યારે વક્ફ બોર્ડ મનમાની કરીને ગમે તે સંપત્તિને વક્ફ સંપત્તિ જાહેર કરી દે છે. કેન્દ્રમાં નરસિંહરાવની સરકાર હતી ત્યારે તેણે વક્ફ એક્ટ બનાવીને વક્ફ બોર્ડને અમર્યાદિત સત્તાઓ આપી દીધી હતી. ૨૦૧૩માં ડો. મનમોહનસિંહની યુપીએ સરકારે મૂળ વક્ફ એક્ટ, ૧૯૯૫માં સુધારા કરી વક્ફ બોર્ડની સત્તાને વધારે મજબૂત કરી હતી. મોદી સરકાર દ્વારા કાયદામાં કરાનારા સુધારાઓનો હેતુ વક્ફ બોર્ડ કોઈપણ મિલકતને 'વક્ફ મિલકત' જાહેર કરી શકે એવો કોંગ્રેસની સરકારે આપેલા અધિકારને નિયંત્રિત કરવાનો છે.

આ સુધારા બહુ પહેલા કરવા જરૂરી હતા કેમ કે આ દેશમાં સેક્યુલારિઝમના નામે જે તૂત ચાલ્યાં તેમાં એક તૂત વક્ફ સંપત્તિનું પણ છે. મોદી સરકારના સત્તામાં રહ્યાના પહેલા ૧૦ વર્ષ દરમ્યાન જ આ સુધારો કરી નાખવાની જરૂર હતી, છતાં સરકારે મોડે મોડે પણ આ સુધારા કરવાનું હાથ ધર્યું છે ત્યારે કહી શકાય કે 'દેર આયે દુરસ્ત આયે.' વક્ફ બોર્ડ કોઈ પણ સંપત્તિને વક્ફની સંપત્તિ જાહેર કરી દે એટલે એ સંપત્તિના માલિકની મુશ્કેલી શરૂ થાય. આ સંપત્તિ પોતાની જ છે એ સાબિત કરવાની જવાબદારી પછી એ સંપત્તિના માલિકની થઈ જાય જ્યારે વક્ફ બોર્ડ તો નિરાંતે બેસી જાય. આવો હાસ્યાસ્પદ કાયદો આ દેશમાં જ ચાલી શકે.

આ કાયદાનો કેવો દુરુપયોગ થયો તેનું શ્રેષ્ઠ ઉદાહરણ તમિલનાડુનું તિરુચેન્દુર ગામ છે. તમિલનાડુ વક્ફ બોર્ડે આખા તિરુચેન્દુર ગામને પોતાની સંપત્તિ જાહેર કરી દીધી હતી, જ્યારે આ ગામની મોટાભાગની વસ્તી હિન્દુ છે. હવે હિંદુઓના ગામની તમામ મિલકતો મુસ્લિમોની કઈ રીતે થઈ ગઈ એ સમજવું જ અઘરું છે. આવા તો હજારો કેસ છે. વક્ફ બોર્ડમાં બેઠેલા લોકોએ જમીન માફિયા બનીને આ કાયદાનો દુરુપયોગ લોકોની સંપત્તિઓ પચાવી પાડવા માટે કર્યો છે. વક્ફ બોર્ડે ૧૯૯૫ના કાયદાનો ઘણો દુરુપયોગ કર્યો છે એવું મુસ્લિમ નેતાઓ પોતે સ્વીકારે છે એ જોતાં બહુ પહેલાં તેમાં સુધારાની જરૂર હતી.

વક્ફ બોર્ડમાં સુધારા માટે આ અઠવાડિયે સંસદમાં ખરડો રજૂ કરાશે એવું મનાય છે. એ પહેલાં સરકાર ક્યા ક્યા સુધારા કરાવાના છે તેની વિગતો આપશે પણ સૌથી મોટા બે સુધારા થશે. પહેલો સુધારો એ થશે કે, વક્ફ બોર્ડમાં મહિલાઓ અને મેજિસ્ટ્રેટ સહિતના સરકારી અધિકારીઓનું પ્રતિનિધિત્વ હશે. અત્યારે વક્ફ બોર્ડમાં મુસ્લિમ વકીલો, ચૂંટાયેલા જનપ્રતિનિધિ, મુસ્લિમ આગેવાનો વગેરે હોય છે. તેના બદલે મહિલાઓને પણ વક્ફ બોર્ડમાં ચોક્કસ પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે એવો સુધારો કરાશે એવો દાવો છે.

બીજો મોટો સુધારો એ હશે કે, વક્ફ બોર્ડ દ્વારા કોઈ પણ મિલકતને વક્ફ સંપત્તિ જાહેર કરવા માટે મિલકત પર કરવામાં આવેલા તમામ દાવાઓની ફરજિયાત ચકાસણી કરવામાં આવશે. આ ફરજિયાત ચકાસણી પ્રક્રિયા માટેનું આખું માળખું ગોઠવાશે તેથી વક્ફ બોર્ડની મનમાની નહીં ચાલે.

આ સુધારા સામે અત્યારથી કકળાટ શરૂ થઈ જ ગયો છે. હૈદરાબાદના સાંસદ અને મુસ્લિમ મતોના ઠેકેદાર અસદુદ્દીન ઓવૈસી અત્યારથી મેદાનમાં આવી ગયા છે. ઓવૈસીના કહેવા પ્રમાણે, વક્ફ એક્ટમાં આ સુધારો વક્ફની મિલકતો છીનવી લેવાના ઈરાદાથી કરવામાં આવી રહ્યો છે. આરએસએસ શરૂઆતથી જ વક્ફની મિલકતો છીનવી લેવાની ખોરી દાનત ધરાવે છે અને આ બંધારણમાં આપવામાં આવેલા ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર પર હુમલો છે.

ભાજપની સરકાર શું કરશે એ ખબર નથી પણ વક્ફ બોર્ડની સંપત્તિઓનો ઉપયોગ સારા હેતુ માટે જ થવો જોઈએ. વક્ફ બોર્ડ પાસે ૯.૪૦ લાખ એકરમાં ફેલાયેલી લગભગ ૮.૭૦ લાખ મિલકતો છે. રેલવે અને સશસ્ત્ર દળો પછી વક્ફ બોર્ડ દેશમાં સૌથી વધુ જમીન ધરાવતું સંગઠન છે. આ સંપત્તિનો ઉપયોગ જરૂરિયાતમંદો માટે કરાય તો દેશમાં વંચિતોને બહુ બધી સવલતો આપી શકાય તેમ છે.

# મુલુંડ પૂર્વમાં નવો રોડ બનાવવામાં આવશે જેનાથી ટ્રાફિક જામથી મુક્તિ મળશે : પ્રભાકર શિંદે



મુલુંડ પૂર્વના નાગરિકો છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. આ અંગે નાગરિકોએ ભાજપના પૂર્વ કોર્પોરેટર પ્રભાકર શિંદેને ઘણી ફરિયાદો કરી હતી. મૂળભૂત રીતે મુલુંડની વસ્તી વધી રહી છે અને દર રોજ નવા ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર રસ્તાઓ પર આવી રહ્યા છે. પરિણામે, મુલુંડ પૂર્વના રસ્તાઓ પર દરરોજ ટ્રાફિક જામ જોવા મળે છે. રોજબરોજના સવાર-સાંજ જામ ટ્રાફિક પોલીસ અને નાગરિકો માટે માથાનો દુખાવો બની ગયો છે. મુલુંડ ટ્રાફિક પોલીસ દરરોજ ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારા ડ્રાઇવરોને દંડ અને સજા કરે છે.

ટ્રાફિક જામ અને નાગરિકોને પડતી સમસ્યાને ધ્યાનમાં રાખીને પૂર્વ કોર્પોરેટર પ્રભાકર શિંદેએ મહાનગરપાલિકા પ્રશાસન સાથે આ સમસ્યા તાત્કાલિક ઉકેલવા પત્રવ્યવહાર શરૂ કર્યો હતો. તેઓ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર ભૂષણ ગગરાણીને મળ્યા હતા અને તેમને લેખિત નિવેદન આપ્યું હતું. તદનુસાર, વોર્ડ નંબર ૧૦૬ માં ૨૭.૪૫ મીટરની ડી.પી. સડક કેલકર કોલેજ સુધી અને આગળ ગોરેગાંવ મુલુંડ લિંક રોડ સુધીનો રસ્તો પ્રસ્તાવિત છે. આ રોડ હવે બની શકે તેમ નથી કારણ કે તે સોલ્ટ કમિશનરની જમીનમાંથી પસાર થાય છે. આ અંગે અવાર-નવાર પત્રવ્યવહાર અને મીટીંગો થતી હતી પરંતુ આજ સુધી આ રોડ મહાનગરપાલિકાનો છે. અને મ્યુનિસિપલ કોર્પોરેશન કસ્ટડીમાં નથી. પ્રભાકર શિંદેએ આપેલી માહિતી મુજબ, તાજેતરમાં બોમ્બે હાઈકોર્ટે સોલ્ટ વિભાગ અને વિકાસ કમલાકર વાલાવલકર વચ્ચેના ભાડાપટ્ટા અંગે પોતાનો ચુકાદો આપ્યો છે અને કહ્યું છે કે મ્યુનિસિપલ કોર્પોરેશને સોલ્ટ વિભાગની માલિકીની જમીન સંપાદિત કરવા માટે કાયદાકીય પગલાં લેવા જોઈએ.

મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનરે સોલ્ટ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ સાથે મળીને કાર્યવાહી કરવી જોઈએ અને શક્ય તેટલી વહેલી તકે જમીનનો કબજો મેળવવો જોઈએ જેથી છેલ્લા ઘણા સમયથી મુલુંડ પૂર્વના લોકો માટે કેલકર કોલેજથી ગોરેગાંવ સુધીનો ૯૦ ફૂટનો રોડ બની ગયા બાદ મુલુંડનો રસ્તો, ટ્રાફિકની મોટી સમસ્યા હલ થશે. શિંદેએ વધુમાં કહ્યું કે ટૂંક સમયમાં મહાનગરપાલિકા આ રોડને પોતાના નિયંત્રણમાં લઈ લેશે અને ૯૦ ફૂટનો નવો રોડ બનાવવામાં આવશે. આ નવો રોડ પૂરો થયા બાદ મુલુંડ કાર્સની ટ્રાફિક સમસ્યાનો અંત આવશે અને વાહનચાલકોને મુંબઈથી મુલુંડ પહોંચવા માટે બે વિકલ્પ મળશે - ઈસ્ટર્ન એક્સપ્રેસ વે, ટાટા કોલોની અને કેલકર કોલેજ.

મુલુંડ ઈસ્ટના વોર્ડ નંબર ૧૦૬માં ટ્રાફિક જામની સમસ્યાનો કાયમી ઉકેલ મેળવવા માટે તેઓએ અવારનવાર બેઠકો યોજી છે અને સંબંધિત સરકારી એજન્સીઓ સાથે પત્રવ્યવહાર કર્યો છે. આખરે તે સફળ થયો અને મ્યુનિસિપલ પ્રશાસને તેને લીલી ઝંડી આપી દીધી છે અને મુલુંડકરોની સુવિધા માટે ટૂંક સમયમાં નવો રોડ બનાવવામાં આવશે એવી માહિતી પ્રભાકર શિંદે ભૂતપૂર્વ કોર્પોરેટર એ જણાવી છે.

# આ વર્ષે પણ પ્રોપર્ટી ટેક્સમાં કોઈ વધારો નહીં

જકાત બંધ થયા બાદ પ્રોપર્ટી ટેક્સ એ મુંબઈ મહાનગરપાલિકાની આવકનો મહત્ત્વનો સ્રોત ગણાય છે. નિયમ મુજબ દર પાંચ વર્ષે પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવાનો હોય છે, પરંતુ વર્ષ ૨૦૨૦- ૨૧થી તેમાં વધારો કરવામાં આવ્યો નથી. કર વધારો ૨૦૨૪-૨૫માં અપેક્ષિત હતો, પરંતુ આ વર્ષે પણ તે કરવામાં આવવાનો નથી. મુંબઈ મહાનગરપાલિકાએ તે મુજબનો પત્ર રાજ્ય સરકારના નગર વિકાસ વિભાગને મોકલી આપ્યો છે, જેમાં પાલિકાએ સ્પષ્ટ પણ લખ્યું છે કે રેડી રેકનર મુજબ ફક્ત એક વર્ષ માટે પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવો ઉચિત નથી.

આગામી સમયમાં મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે ત્યારે એવા સમયે પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવાથી તેનો ફટકો ચૂંટણીમાં પડવાનો ભય રાજ્ય સરકારને સતાવી રહ્યો છે, તેથી આ વર્ષે પણ તેમાં વધારો કરવાનો સરકારનો ઈરાદો ન હોવાનું માનવામાં આવે છે. જોકે તેનો ફાયદો નાગરિકોને જ થવાનો છે. પાલિકાએ નગરવિકાસ ખાતાને ૨૦૨૪-૨૫ના વર્ષમાં પણ પ્રોપર્ટી ટેક્સમાં વધારો કરવામાં આવવાનો નથી એવો પત્ર મોકલ્યો છે, તેના પર રાજ્ય સરકાર નિર્ણય લેશે અને ત્યારબાદ તેને લગતો વટહુકમ બહાર પાડશે.

Click Here

## ૨૭ વર્ષથી મુલુંડમાં ઉચ્ચ ગુણવત્તાની મીઠાઈઓ, ચોકલેટ્સ અને ડ્રાયફ્રૂટ્સનો પર્યાય બની રહેલા

# છેડા ડ્રાયફ્રૂટ સ્ટોર નવી સજાવટ સાથે નવા સ્થળે શરૂ થયો

સ્વાદના શોખીન અને ક્વોલિટી પ્રોડક્ટ્સના ચાહક કોઇપણ મુલુંડવાસીને પૂછીએ કે મુલુંડમાં શ્રેષ્ઠ ગુણવત્તાની મીઠાઈઓ, ચોકલેટ્સ અને ડ્રાયફ્રૂટ્સ મળવાનું ભરોસાપાત્ર સ્થળ કયું? તો ચોક્કસ તેમના હોઠે સર્વ પ્રથમ નામ આવશે છેડા ડ્રાયફ્રૂટ્સ સ્ટોર! છેલ્લા ૨૭ વર્ષથી મુલુંડમાં ઉચ્ચ ગુણવત્તાની મીઠાઈઓ, ડ્રાયફ્રૂટ્સ અને ચોકલેટ્સ ખરીદવાનો પર્યાય બની રહેલો મુલુંડ વેસ્ટમાં સેવારામ લાલવાણી રોડ ઉપરની નવીન મંજુ બિલ્ડીંગ સ્થિત છેડા ડ્રાયફ્રૂટ્સ સ્ટોર એ બિલ્ડીંગ રીડેવલપમેન્ટમાં જતી હોવાથી તા. ૫ ઓગસ્ટ, ૨૦૨૪થી નવા સાજ શણગાર સાથે એની બાજુની બિલ્ડીંગ, ઝવેર રોડ ઉપર આવેલી ઓમ ગાયત્રી દર્શનમાં દુકાન નંબર ૫ અને ૬માં હરહમેશની જેમ નવી વેરાયટીઝ સાથે શરૂ થઈ ગઈ છે. ગુર્જરમાત સાથેની વાતચીતમાં છેડા ડ્રાયફ્રૂટ્સ સ્ટોરના મુકેશભાઈ છેડા વિશ્વાસપૂર્વક જણાવે છે કે હવે નવી અને વધુ સારી જગ્યામાં આવેલી અમારી દુકાનનું સ્થળ ભલે નવું રહ્યું પરંતુ અમારી પ્રોડક્ટ્સની ક્વોલિટી જૂના સ્થળની દુકાન જેટલી જ ઉચ્ચ રહેશે, એટલું જ નહીં નવી શોપ વિશાળ હોવાથી અમે અમારા માનવંતા ગ્રાહકોને વધુ વેરાયટી અને વધુ સારી સેવા આપી શકીશું.



૨૭ વર્ષ પહેલા છેડા ડ્રાયફ્રુટ્સ



હમણાં છેડા ડ્રાયફ્રુટ્સ



મુલુંડની આ પ્રતિષ્ઠિત દુકાનના શરૂઆતના વર્ષોને યાદ કરતાં મુકેશભાઈ કહે છે કે, મૂળ કચ્છ-બિદડા ગામના મારા પિતાશ્રી નાનજી વેલજી છેડાએ આજથી ૨૭ વર્ષ પહેલાં છેડા ડ્રાયફ્રૂટ્સ સ્ટોર એક સિંગલ ગાળાની દુકાનમાં શરૂ કરી હતી. હું અને અમારા કુટુંબીજન દિપેશ પ્રેમજી મામણીયા શરૂઆતથી જ પિતાજી સાથે દુકાન સંભાળતા હતા. પિતાજીએ મને ડ્રાયફ્રૂટ અને મીઠાઈઓમાં વિશિષ્ટતા (exclusivity) અને બેસ્ટ ક્વોલિટી જાળવવાનું મહત્વ સમજાવ્યું જેને હું છેલ્લા ૨૭ વર્ષથી અનુસરતો રહ્યો છું. મુલુંડની જનતાના પ્રેમ, વિશ્વાસ અને સહકારથી વ્યવસાયનું વિસ્તરણ થતાં છેલ્લા ૧૫ વર્ષથી છેડા ડ્રાયફ્રૂટ્સ સ્ટોર બે ગાળાની દુકાનમાં આવેલી છે. ૨૦૧૮માં પિતાશ્રીનું અવસાન થયા બાદ હું એમણે દાખવેલા માર્ગ પર ચાલીને મુલુંડની જનતાનો ઉત્તરોત્તર વધુને વધુ પ્રેમ સંપાદન કરી રહ્યો છું તેનો મને આનંદ છે. સાથે સાથે ૧૦ જુલાઈથી ૫ ઓગસ્ટ સુધી નવી દુકાન ફર્નિચર બનાવવા બંધ રહી તે સમય દરમ્યાન અમારા માનવંતા ગ્રાહકોને સેવા ન આપી શક્યા તેનો ખેદ પણ છે.

**૨૭ વર્ષથી મુલુંડના સ્વાદ પ્રેમીઓને વિવિધ વાનગીઓ પીરસી રહેલું એકમાત્ર સ્થળ છેડા ડ્રાયફ્રુટ્સ**

છેડા ડ્રાયફ્રૂટ્સની સફળતા અને લોકપ્રિયતાના કારણ અંગે પૂછતાં મુકેશભાઈ જણાવે છે કે મીઠાઈઓ અને ચોકલેટ્સની અમારી દરેક પ્રોડક્ટ શુદ્ધ અને હાઈજેનિક વાતાવરણમાં બનાવવામાં આવે છે. અમારા સ્ટોરમાં મીઠાઈઓની અનેક પારંપારિક દેશી વેરાયટીઝની સાથે સાથે ભરપૂર ટ્રેન્ડી વેરાયટીઝ પણ ઉપલબ્ધ છે.ચોકલેટ્સ અને ચોકલેટ બાઇટ્સની ૪૦થી પણ વિવિધ પ્રકારની રંગ, ડિઝાઈન અને આકારની એક્સક્લુઝિવ, ટ્રેન્ડી વેરાયટીઓ જોઇને તો પાગલ થઇ જવાય. આટલી વિવિધતા સાથે ઉચ્ચ ગુણવત્તાની મીઠાઈઓ અને ચોકલેટ્સ કદાચ મુંબઈમાં ઓછા સ્ટોરમાં જોવા મળશે. એક વખત અમારી દુકાનમાં આવતી વ્યક્તિ અહીંની વેરાયટી અને ક્વોલિટીનો અનુભવ કરીને કાયમી ગ્રાહક બની જાય છે.



છેડા ડ્રાયફ્રૂટ સ્ટોરમાં મળતી વિવિધ પ્રોડક્ટ્સની વેરાયટી અંગે તેમણે જણાવ્યું હતું કે, હાલ શ્રાવણ માસથી આસો મહિનામાં દિવાળી સુધી તહેવારોની મોસમ ચાલી રહી છે તેમાં આવતા વિવિધ તહેવારો જેવા કે રક્ષાબંધન, ગણેશોત્સવ, દશેરા, દિવાળી અને નૂતનવર્ષ તેમ જ અન્ય સારા પ્રસંગે ભેટ આપવા અમારા સ્ટોરમાં ડ્રાયફ્રૂટ્સ અને મીઠાઈના ગીફ્ટ બોક્સ તેમ જ હેમ્પર્સની ભરપૂર રેન્જ છે. ન્યુ બોર્ન બેબીને ગિફ્ટીન્ગ માટે ચોકલેટ્સ તેમ જ બેબીને અનુરૂપ મીઠાઈઓના બોક્સની પણ અનેક વેરાયટી ઉપલબ્ધ છે. આ ઉપરાંત મીઠાઈઓ અને ગરમ ફરસાણો તેમ જ હાફ ફ્રાય ફરસાણોના સાથેના સ્નેક બોક્સની વિશાળ રેન્જ પણ અમારે ત્યાં મળી શકશે. તેમ જ નમકીન, ડાયેટ ફૂડ નમકીન,બેકરી પ્રોડક્ટ્સ અને હાફ ફ્રાઈડ નાસ્તાથી લઈને વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ, ચટપટા અને પાચક મુખવાસની અનેક વેરાયટીઓ જોઇને જ મોંમાં પાણી આવી જાય.

મુલાકાતના અંતમાં મુકેશભાઈ કહે છે કે આ બધી એક્સક્લુઝિવ વેરાયટીઝ જોવા, અનુભવવા અને ખરીદવા અમારી દુકાને પધારવા સમસ્ત મુલુંડની જનતાને હૃદયપૂર્વક આમંત્રણ છે. અમને ૨૭ વર્ષ સુધી જે સાથ, સહકાર અને પ્રેમ આપ્યો તે બદલ મુલુંડની જનતાનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર.

**છેડા ડ્રાયફ્રુટનું નવું એડ્રેસ - શોપ નં.૫ અને ૬, ઓમ ગાયત્રી દર્શન કો.ઓ.હા.સોસાયટી લિ. ઝવેર રોડ, સારસ્વત વાડી પાસે, મુલુંડ(વેસ્ટ) સંપર્ક - ૮૩૬૯૪૪૧૬૮૪**









**Click Here**

# ANNUAL SALE

Manoranjan®

SINCE 1960

UPTO 50%* OFF

Sarees •
Chanya Choli - Churidaar •
Designer Lehenga's •
Kurtis - Tunics •
Party Gowns •
Dress Material •

6000 sq.ft. Ethnic Collection*


CALL: 90815 75859

Paanch Rasta, Mulund (West)

Thursday's Open During Sale

*T&C Apply

Click Here



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૦૭ ઓગસ્ટ - ૧૩ ઓગસ્ટ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** થોડા સમયથી સતાવી રહેલી સમસ્યાનો અચાનક ઉકેલ આવતા થોડી રાહત થશે. કામકાજમાં અત્યાર સુધીમાં જે સફળતા મેળવી હોય એનું વાસ્તવિક મૂલ્યાંકન કરશો તો આગળ જતા સ્થગિતતા ટાળી શકશો એમ દેખાય છે. બાકી રહેલું કામકાજ ઝડપથી પૂરું કરીને શહેર બહારના પ્રવાસનું આયોજન કરો અને પ્રિયજન સાથે આનંદની પળો માણો એવી મારી સલાહ છે. અણધાર્યો ખર્ચ આવી પડશે એ માટે તૈયાર રહેજો. પરિણીતોના ઘરે પારણું બંધાવાની શક્યતા છે. અને જો તમે અપરિણીત હો તો લગ્નના યોગ શરૂ થઈ ગયા છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારો શોખ પૂરો કરો કે ઘરમાં સાફસફાઈ અથવા વાંચન વગેરે કાર્ય હાથ ધરો તો સારું.

**વૃષભ (બ,વ,ઉ) :** અત્યંત વ્યસ્ત સમય છે પરિણામે જીવનના અન્ય પાસાઓની અવગણના કરી રહ્યા છો એમ દેખાય છે. વિદેશથી આવનારો એક સંદેશો કામનો બોજો વધારશે. લાંબા ગાળાના ધ્યેય પર નજર રાખો અને કાળજીપૂર્વક લક્ષ પર ધ્યાન કેન્દ્રિત કરો એવી મારી ખાસ સલાહ છે. એકાદ મોટો સોદો પાર પડતા વિજય મેળવ્યાનો સંતોષ થશે. ઊછીના પૈસા લઈ ગયેલો એક મિત્ર લાંબા સમય પછી એ પાછા આપવાનું વિચારી શકે છે. અણધારી ભેટ કે ધનલાભ મળવાની શક્યતા છે. સોના-ચાંદીમાં રોકાણ લાંબે ગાળે લાભદાયી રહેશે. **સ્ત્રીવર્ગ માટે :** ગમે એટલા પ્રયાસો કરશો તો પણ પ્રવાસનો પ્લાન વિલંબમાં મૂકાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :** મનને નિયંત્રણમાં રાખવાથી અને કલ્પનાશક્તિને કામે લગાડવાથી પોઝિટિવ માર્ગ પર તમારી શક્તિને કેન્દ્રિત કરી શકશો. તમને એકાદ મુદ્દા પર પીછેહઠ કરવી પડે તો ચિંતા ન કરો. હાલ ભલે એક ડગલું પાછા હટવું પડે, પણ ભવિષ્યમાં સુપર છલાંગ લગાવી શકશો એમ દેખાય છે. તંદુરસ્તી સારી રહેશે તે છતાંય ખાવા-પીવામાં કાળજી લેવી પડશે. ઓફિસની જગ્યા બદલો, નવી જગ્યા ખરીદો કે ભાડેથી આપો એવી શક્યતા છે. પ્રતિકૂળ સમયમાં કામ લાગે એ માટે થોડી બચત કરવાની સલાહ છે. અપરિણીત હો તો કરીઅર પર જ ધ્યાન આપો તો સારું. **સ્ત્રીવર્ગ માટે :** જે સમાચારની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો એ છેવટે મળશે.

**કર્ક (ડ,હ) :** તમે માનસિક રીતે તો રજાઓ માણવાના મૂડમાં છો. જોકે આ અઠવાડિયું શરૂ થતાં જ તમને લાગશે કે અહીંથી જરા પણ ખસી શકાય એમ નથી. તમારા જીવનમાં અત્યંત નોંધપાત્ર પરિવર્તન આવી રહ્યું છે. અણધારી ઘટના માટે તૈયાર રહેજો. આસપાસમાં આવી રહેલા પરિવર્તનો વિશે મનમાં કોઈ ભય રાખવાની જરૂર નથી. આવા પરિવર્તનો તમારામાં નવી સમજદારી લાવશે એમ જણાય છે. નવી નોકરીમાં શરૂઆતમાં સહેજ નિયંત્રણો જેવું લાગશે પરંતુ, જરૂરી કાર્યો પર લક્ષ કેન્દ્રિત કરશો તો થોડા દિવસમાં બધું સરળ બની જશે. **સ્ત્રીવર્ગ માટે :** ખોટી દિશામાં આગળ વધી રહ્યાનું લાગતું હોય તો ત્યાં જ અટકી જવાની સલાહ છે.

**સિંહ (મ,ટ) :** તમે અનેક પ્રકારના આશ્ચર્યજનક અનુભવામાંથી પસાર થઈ રહ્યા છો. હાલના સમયમાં તમને ઘણા બધા પાઠો શીખવા મળી રહ્યા છે. આમાંનો એક પાઠ ઈચ્છાઓ પૂર્ણ કરવા અવિરત પ્રયાસ કરતા રહેવાનો છે. તમારા અંતરના અવાજને અનુસરો અને એક વખત લક્ષ્ય દેખાવા લાગે એટલે પ્રેક્ટિકલ બનજો, પણ ધ્યેય ઊંચું જ રાખજો એવી મારી સલાહ છે. બહારગામથી ઓચિંતા મહેમાનો આવી શકે એવી શક્યતા છે. અણધારી ભેટ મળવાના યોગ છે. ઘરના એકાદ યુવાન સાથે ઝઘડો ન થાય એનું ખાસ ધ્યાન રાખજો. **સ્ત્રીવર્ગ માટે :** તહેવારો નજીક આવે છે છતાં શોપિંગનો વિચાર કેમ નથી કરતા ?

**કન્યા (પ,ઠ,ણ) :** બીજા લોકો હાલ તમારી વાત માનવાના મૂડમાં નથી. તમે જો તેમના માટે વિશ્વાસુ ઠરશો અને ધીરજ રાખશો તો સૌ સારા વાનાં થશે. સમય એવો છે કે કામનો ભાર લાગશે અને આરોગ્યની સમસ્યા પણ ઉદ્‌ભવશે. તમારી પ્રાથમિકતાઓ નક્કી કરી લો અને પછી મંડી પડો તો વાંધો નહીં આવે એમ જણાય છે. ઘર બદલવાની વેતરણમાં હશો તો શુભ સંકેત મળવાના યોગ છે. એ ઉપરાંત પરિવારમાં સારો પ્રસંગ ઊજવાશે. ઘરના વૃદ્ધોની તબિયતનું ધ્યાન રાખવાની સલાહ છે. યુવાનો માટે પ્રેમપ્રકરણના મુદ્દે કંઈક રંધાવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** બપોરે એકાદ ઝોકું ખાવાનો વાંધો નથી, પણ માથાનો દુઃખાવો કદાચ સૂવા નહી દે.

**તુલા (ર,ત) :** હાલ તમારી પ્રામાણિક્તાની કદર નહીં થાય. આમ ઘણા સમયથી ચાલી રહ્યું છે. એક ક્ષણ માટે તમને એવું લાગશે કે સારા થવામાં માલ નથી. પણ ઉતાવળા ન થતા થોડા જ દિવસોમાં સારા સમાચાર મળશે અને તમારી કદર પણ થશે. નોકરી કે બિઝનેસ સંબંધિત કોઈ નવી વેતરણ કરી હોય તો આગળ વધવાના ચાન્સ છે. બધુ કામ જાતે જ કરવાનો આગ્રહ તમને થકવી નાખશે. ક્યારેક બીજા પર પણ જવાબદારી ઢોળી દેતા શીખો એવી મારી સલાહ છે. એકાદ જૂના મિત્રની અણધારી મુલાકાત તમને આનંદિત બનાવી દેશે. પડવા-વાગવા કે દાઝવાની સંભાવના છે. **સ્ત્રીવર્ગ માટે :** પ્રિયજન પ્રત્યે નરમીથી અને સમજદારીથી વર્તવાની સલાહ છે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવન દિશાવિહીન જણાતું હોય તો એમાં તમારો નહીં, પણ ગ્રહોનો વાંક છે. કોઈ તમને પ્રેમ કરે એવું ઈચ્છી રહ્યા છો, પણ સામેવાળાને આકર્ષિત કરવા માટે તમે કેમ કંઈ કરતા નથી? તમે એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છો જ્યાં ફક્ત તમે સપનામાં જ કાર્યરત છો. તમારી લાગણીઓ અને સંવેદના બહુ ઊંડી છે. આત્મવિશ્વાસ કેળવો અને સપનામાંથી બહાર આવીને આગળ વધો એવી મારી સલાહ છે. આ સમયે તમારી પ્રેમકથામાં વળાંક આવે એવી શક્યતા છે. બહાર ખાવાના હો તો સંભાળજો, રોગોનો યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** બીજાઓ માટે તમે ઘણું કર્યું. હવે પોતાની માટે જીવો. શરમ છોડીને પોતાની વાત બરાબર રજૂ નહી કરો તો પસ્તાશો, સમજ્યાને?


**ધન (ભ,ધ,ફ,ઢ) :** તમારી કોઈ ખાનગી વાત જાહેરમાં આવી શકે છે. જેના પર અતૂટ વિશ્વાસ હોય તેણે જ દગો આપ્યો હોય એવી શક્યતા છે. નકામા લોકો ઘણા વખતથી તમારી આજુબાજુ જમા થઈ ગયા છે. તેમની ટોળકીમાં ભળવાની શી જરૂર છે? આજે જ તેમને રુખસદ આપી દો તમારી જિંદગીમાંથી, સમજ્યાને? કામના કાગળ ક્યાંક મુકાઈ ન જાય એનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે. સામાજિક જીવન સહેજ મંદ ગતિએ આગળ વધશે. ભવિષ્ય પ્રત્યે આશાવાદી બનશો તો તમારી યોજનાઓને સારી રીતે આગળ વધારી શકશો એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** ચટાકેદાર ખાવા-પીવાનું ટાળો અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

**મકર (ખ,જ) :** હાલ થોડા દિવસો પહેલા તમે જેને મળ્યા છો તેના પ્રત્યે પ્રેમ અને આકર્ષણ થઈ શકે છે. કોઈને કોઈ બહાને એને મળતા રહો. આમ કરવાથી મિત્રતા વધશે અને મનમેળ સ્થાપિત કરી શકશો એમ દેખાય છે. તદ્દન નવા જીવનનો અનુભવ મેળવવા ઉત્સાહપૂર્વક આગળ વધો અને ભૂતકાળને પાછળ મુકી દો એવી મારી સલાહ છે. અશક્ય લાગતું લક્ષ્ય પાર પડી જતા મનમાં આશા અને ઉત્તેજનાની લાગણી જાગશે. વર્તમાન પર લક્ષ્ય કેન્દ્રિત કરો અને ભૂતકાળમાં ભટકતા મનને વર્તમાનમાં સ્થિર કરો, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** અચાનક શહેર બહારનો પ્રવાસ અવિસ્મરણીય બની રહેશે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** છેલ્લા ઘણા સમયથી તમે સતત કાર્યરત છો અને ભાગદોડ કરી રહ્યા છો. થોડા સમય માટે કામકાજમાં બ્રેક લો અને રજા માણવા ઊપડી જાઓ એવી મારી સલાહ છે. ભાવનાત્મક સમસ્યા ઊભી થઈ હશે તો હવે તમને માનસિક શાંતિ મળશે એમ જણાય છે. નવી પાર્ટનરશિપનો નિર્દેશ મળી રહ્યો છે. જોકે અસહમતીને કારણે ઝડપથી નિર્ણય લઈ નહી શકો. માતાપિતાની સંમતિથી લગ્ન કરવાના હો તો થોડા વખતમાં જ યોગ્ય માગું આવશે. તમારા માટે યોગ્ય પાત્ર શોધવામાં સંબંધીઓની મદદ લો તો સારું. **સ્ત્રીવર્ગ માટે :** નવા વાહનના યોગ છે. માગી મદદ મળશે એટલે હકનું મેળવવા આગળ વધો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સક્રિય બનશો તો જીવનમાં સારા પરિવર્તનો આકાર લેશે. તમારા ફાયદા વિશે કાળજી નહી લો તો ફાઈનેન્શિયલ નિર્ણયો તમારી તરફેણમાં કદાચ નહી આવે. જીવનમાં ઘરમૂળથી પરિવર્તન, નવા જીવનની શરૂઆત, ભાવનાત્મક અને આર્થિક સધ્ધરતા, આ બધી ભેટો સ્વીકારવા માટે તમારે સજાગ રહેવું પડશે. તમે જેમા માનતા ન હો એવી અજાણી દિશામાં આગળ વધવાના યોગ છે. તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતી વ્યક્તિ સાથે આગળ વધવાથી જીવનનો રાહ બદલાઈ જશે એમ જણાય છે. નવી કાર ખરીદવાનો સારો સમય છે. વિદેશયાત્રા સંભવે. **સ્ત્રીવર્ગ માટે :** હિતશત્રુઓ અડચણ ઊભી ન કરે એ માટે અમૂક માહિતી તમારા પૂરતી સીમિત રાખો.

## આપણા બાળકો માટેનું દ્રષ્ટીકોણ બદલીએ!



બાળક જન્મથી જ ખૂબીઓ અને ખામીઓથી ભરેલો હોય છે. વારસાગત અને બહારના અનેક પરિબળોની અસર તેના ઉછેર ઉપર થાય છે. જો આપણે તેની અમુક ખામીઓને જ વારંવાર બધા પાસે કહેતા ફરીએ અને વાગોળીએ તો બાળક તેવો થતો જાય છે.

બાળકને પોતાનામાં રહેલી ખૂબીઓ, ટેલેન્ટને બહાર કાઢી ઉભરાવાની તક, ઈન્ટરેસ્ટ તે ઘૂમાવતો જશે. આ સમસ્યા ખાસ કરીને શાળામાં ભણવામાં અલગ અલગ વિષયોમાં પડતી મુશ્કેલી વાલીઓમાં વાતચીત ચર્ચાનું આજે મોટું કારણ બન્યું છે.

આજે શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની જરૂરીયાત અને મહત્વત્તા ખૂબ વધી છે. સારી આર્થિક આવક અને મોભો બધાનો મુખ્ય લક્ષ રહે છે. એટલે બાળકને ભણવામાં થતી મુશ્કેલીથી બાળક નર્વસ, હતાશ, નિરાશ થઈ ધીરે ધીરે પાછળ રહી જાય છે. હા! ગળા કાપ હરીફાઈનો પણ જમાનો છે. બીજા બાળકો સાથે તફાવત કરવાની સહેજા સહેજ આદત મા-બાપને હોય તે સ્વાભાવિક છે.

બાળકને સંર્વાંગ રીતથી પરખીએ તો તેમાં રહેલી ગણી બધી સારી ખૂબીઓ મળશે. તેવા બાળકોને હુંફ, પ્રેમ, સમય, ધીરજ, ઈન્ટરેસ્ટ લઈ પુરું ઓળખીએ, આવકારીએ, પ્રશંસા કરી લાંબા સમય સુધી પ્રોત્સાહન પુરૂ પાડીએ, તો બાળક જીવનમાં સફળ થઈ શકે છે.

તેની અંદરની બીજી ખૂબીઓથી પણ સારા પૈસા અને માન સ્ટેટસ મેળવી શકે છે. ભારત અને વિશ્વભરમાં આના અસંખ્ય દાખલાઓ જોવા-સાંભળવા મળશે. બાળકના સર્વોત્તમ વિકાસ માટે બાળક સાથે રહીને ભરપૂર હકારાત્મક સપોર્ટ આપવાનો જ દ્રષ્ટીકોણ રાખીએ!

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEH (Mum.)
Ph.: 8779985316

## બિલ્ડીંગ રિડેવલપમેન્ટ સંબંધી શનિવારે માર્ગદર્શન શિબિરનું આયોજન

મુલુંડમાં મોટાપાયે અનેક ભાડાની બિલ્ડીંગ તેમજ હાઉસીંગ સોસાયટીઝ રિડેવલપમેન્ટમાં જઈ રહી છે અથવા તો જવાની તૈયારીમાં છે. આ પ્રકારની સોસાયટીના સદસ્યોને પુર્નવિકાસ અને સંબંધિત પ્રકિયા અંગે માર્ગદર્શન માટે મુલુંડની મરાઠા મંડળ સંસ્થા દ્વારા શનિવાર, તા.૧૦ ઓગસ્ટ ૨૦૨૪ના સાંજે ૪.૩૦ કલાકે રહેવાસીઓ માટે વિશેષ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં મહારાષ્ટ્ર રાજ્ય કો.ઓપરેટિવ હાઉસીંગ સોસાયટીના તજ્ઞ સંચાલક એડ.પ્રસાદ પરબના માર્ગદર્શન અને પ્રશ્નોત્તર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મુંબઈ મરાઠી પત્રકાર સંઘના માજી અધ્યક્ષ કુમાર કદમની પરિકલ્પનાના આધારે આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જ્યોતિષશાસ્ત્ર
૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
સમીર સેજપાલ
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોતિર્જ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

# કોર્પોરેટ વર્લ્ડના કાર્યક્રમમાં પંકજ છેડાની વિવિધ ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત

કોર્પોરેટ વર્લ્ડના તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં મુલુંડના અગ્રણી પંકજ છેડાએ મુંબઈના ખ્યાતનામ ઉદ્યોગપતિઓ સાથે મુલાકાત કરીને વિચારોની આપલે કરી હતી.

વારી એનર્જી લિ.ના ચેરમેન હિતેશભાઈ દોશીનું સોલાર એનર્જી ક્ષેત્રે આગવું નામ છે તેમની સાથે પંકજભાઈએ પર્યાવરણના આરક્ષણ માટે સોલાર એનર્જીની ઉપયોગિતા સંબંધી વાતચીત કરી હતી.

આ ઉપરાંત લેન્ડમાર્ક ગ્રુપના ફાઉન્ડર અને ચેરમેન સંજયભાઈ ઠક્કર તેમજ એલે સ્વીચના ડિરેક્ટર વત્સલ ગડા સાથે પણ વાતચીત કરી હતી.

કોર્પોરેટ વર્લ્ડની આ બેઠકમાં અરિહંત બેન્કના ચેરમેન યશોધન કારાણી પણ હાજર હતા.



તસવીરમાં એલે સ્વીચના ડિરેક્ટર વત્સલ ગડા સાથે પંકજ છેડા



તસવીરમાં લેન્ડમાર્ક ગ્રુપના ફાઉન્ડર અને ચેરમેન સંજય ઠક્કર સાથે પંકજ છેડા



તસ્વીરમાં ડાબેથી પંકજ છેડા, મધ્યમાં વારી એનર્જી લિ.ના ચેરમેન હિતેશભાઈ દોશી અને જમણે અરિહંત કો.ઓપ. બેન્કના ચેરમેન યશોધન કારાણી જણાય છે.



વારી એનર્જી લિ.ના ચેરમેન હિતેશભાઈ દોશી સાથે પંકજભાઈ છેડા


NOW IN MULUND PANCH RASTA



Happy Hours 4 to 7 pm
- Chole Puri
- Rasiley Aloo Puri
- Papdi Chaat
- Samosa Chaat
- Tokri Chaat
- Chatpata Aloo Chaat
- Aloo Basket
- Cheese Cigar
- Punjabi Dahi Bhalle
- Cheese Loaded Chips
- Honey Potato
- Spring Rolls

• Chole Bhatura • Makkai Di Roti • Sarson Da Saag

Shop No. 2, B Wing, Balaji Accolade, Near Panch Rasta, Mulund West. **Contact : 9137246721**

B-12/13, Golden Willows, Vasant Garden, Near Swapnanagari, Mulund (West), **Contact : 90822 02154**

mannpunjabiofficial mannpunjabiofficial

A Speciality Vegetarian Cuisine

Mann Punjabi

"Authentic Punjabi Flavours"

Pure Veg!!

We Take Bulk & Party orders.

We serve Jain Food

Authentic North Indian Cuisine.


Catering Service also available

We are Available

zomato SWIGGY

Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : મારા મિત્ર રવિશકુમાર નજરે




વિશ્વમાં વર્ષ ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮ ગાળામાં પાંચ છ પુસ્તકો fake new અંગેના પ્રગટ થયા છે. છાપા વાંચવાળા વર્ગમાં paid new શબ્દ થોડો જાણીતો બન્યો છે. પરંતુ fake news શબ્દ ભારતમાં એટલો હજી પ્રચલિત થયો નથી. આભાર માનો આપણા રાજકારણીઓ અને મેઈન સ્ટ્રીમ મીડિયાનો આપણું ભાષા જ્ઞાન આ બંનેના કરતૂતોથી વધ્યું છે. હવે આ જ્ઞાનની હોમ ડીલીવરી સોશ્યલ મીડિયામાં મારફતે પણ થઈ રહી છે.


કેટલાક સમાજ સેવકોને તો તેમનો સમય fake news ને પકડી પાડવા પાછળ વિતાવવો પડે છે. રવિશકુમાર પોતાના The Free Voice પુસ્તકમાં કેટલીક વેબસાઈટની યાદી આપી છે. શું fake news એ ૨૧મી સદીનો મહારોગ બની જશે? પત્રકારત્વ અભ્યાસક્રમમાં એ ફરજીયાત વિષય તરીકે fake news દાખલ કરવામાં આવે તો નવાઈ પામવા જેવું નથી.

The Free Voice પુસ્તકમાં બીજુ પ્રકરણ The Robe Rublic and Building of a new Democracy એ સમૂહના માનસને સમજવાના સમાજશાસ્ત્ર જેવું પ્રકરણ છે. એડવરટાઈઝમેન્ટનું એક શાસ્ત્ર તૈયાર થઈ ગયું છે. પોતાની પ્રોડક્ટ યેનકેન પ્રકારે કેવી રીતે વેંચી શકાય તે આ શાસ્ત્ર શીખવાડે છે. કદાચ આ જ શાસ્ત્ર સંશોધન થઈને fake new નું શાસ્ત્ર વિકસ્યું હશે.

અમેરિકા, રશિયા અને હવે ભારત આ શાસ્ત્ર વિરોધને માત કરવા શસ્ત્ર તરીકે વપરાઈ રહ્યું છે. રશિયા આમાં પાવરધુ બની ચૂક્યું છે. યુરોપના દેશો રશિયાની આ આવડતથી ગભરાય છે. આપણે ત્યાં કેટલાક ઉદ્યોગોને સરકાર સહાય પેટે ગ્રાન્ટ આપે છે. તેમ રશિયામાં fake news તૈયાર કરવાવાળી ફેક્ટરીને આર્થિક સહાય કરવામાં આવે છે. રશિયનોએ તૈયાર કરેલા fake news યુરોપના દેશોમાં જનમત બદલી શકે છે. અમેરિકા પણ આની અસર મુક્ત નથી.

રશિયાના આ શસ્ત્રને બેઠું કરવા યુરોપી અને અન્ય દેશોએ પણ કમર કસી છે. આપણે ત્યાં આ દિશામાં હજુ સરકારી તંત્ર-ઈલેક્શન તંત્ર સજાગ થયું નથી. એટલું થયું છે તંત્રે paid news તરફ નજર જરૂર નાખી છે. પ્રસ્તુત પુસ્તકમાં આપેલ વિગત પ્રમાણે વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૩ દરમ્યાન વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન ૧૭ રાજ્યોમાં ૧૪૦૦ જેટલી paid news ની ઘટનાઓ નજરમાં આવી છે. વર્ષ ૨૦૧૪ લોકસભાની ચૂંટણી દરમ્યાન 787 paid news અંગેના કેસ દાખલ કરવામાં આવ્યા હતાં. તેમજ ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવારોને ૩૧૦૦ જેટલી નોટિસો ફટકારવામાં આવી હતી.

ચૂંટણી અધિકારીઓ પેઈડ ન્યુઝ અટકાવી શકતા નથી. કહેવાય ઊંટે કાઢ્યાં ઢેકા તો માણસ ક્યાં કાંઠલા. ચૂંટણી ઉમેદવારો ચૂંટણી જાહેર થાય તે પહેલા પેઈન્ડ ન્યૂઝ દ્વારા પોતાની ઈમેજ બનાવી છે. આને કારણે ચૂંટણી કમિશનરના હાથ હેઠા પડે છે. છાપાવાળા સિફતપૂર્વક પેઈડ ન્યૂઝ છાપે છે. સામાન્ય વાચકને તેનો અંદાજ ન આવે. આજકાલ પેઈડ ન્યૂઝની શંકા તેવી રીતે જળ વ્યવસ્થાપનના સમાચારો છાપવામાં આવે છે. કહેવાનો આશય જરાપણ તેવો નથી કે જળ વ્યવસ્થાપનના કામો ન કરવા પરંતુ નર્મદા યોજનાની નિષ્ફળતાને ઢાંકવા માટે સમગ્ર આયામ કરવામાં આવી રહ્યો હોય તેમ લાગે છે. લક્ષ વર્ષ ૨૦૧૯ની ચૂંટણી પણ હોય.



ફેક ન્યૂઝને પોતાનો ઈતિહાસ પણ છે. હિટલરે યહુદીઓની મોટા પાયે કતલ કરી હતી તે વાતને ફેક ન્યૂઝની મદદથી ભૂંસી નાંખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ૬૦ લાખ લોકોને ગેસ ચેમ્બરમાં ધકેલીને તેમજ અન્ય રીતે મારી નાખ્યાં હતાં. The Guardian છાપાની પત્રકાર બહેનના ધ્યાનમાં આવ્યુ કે નિયોનાઝી વેબસાઈટ પર આવી મોટે પાયે મારી નાખવાની ઘટના બની જ નથી તે માટે ૧૦ કારણો દર્શાવવામાં આવ્યા હતાં. પત્રકાર બહેન carole એ ખોટી વાતનો પર્દાફાશ કર્યા તે પછી ગૂગલે જે હકીકત હટાવી દીધી હતી તે ફરી ગૂગલ પર મુકવામાં આવી હતી. આમ ઘણી ઐતિહાસિક ઘટનાઓ સાથે ચેડા કરવામાં આવે છે.

વિ શ્વ મા ં Associated Press મોટું નામ ગણાય ૧૭૧ વરસ જૂની સંસ્થા છે. તેણે કબૂલ કહ્યું કે તાજેતરમાં તેણે પણ કેટલાક ફેક ન્યુઝ વહેતા કર્યા હતા. અમેરિકાના ડેમોક્રેટ વિરોધ પક્ષ તરીકે છે. તેણે માર્ચ ૨૦૧૭માં ચિંતા વ્યક્ત કરી હતી કે અમેરિકાના ખુદ પ્રમુખ તેમજ તેના પ્રવચન અમેરિકાની પ્રજામાં ફેક ન્યૂઝ વહેતા કરે છે. અન્ય દેશોમાં પણ આવું ચિત્ર જોવા મળ્યું છે. ફિલિપાઈન્સમાં પ્રમુખ Rodrigo Duterte પોતાની સત્તા ટકાવી રાખવા માટે ફેક ન્યૂઝનો ઉપયોગ કરે છે.

વિચિત્રતા એવી છે કે કેટલાક સત્તાવીરો સાચા સમાચાર ફેલાવનાર ચેનલો કે પત્રકારો પર એવો આરોપ મૂકે છે. આ લોકો તો ફેક ન્યૂઝ ફેલાવનારા છે. વાત આટલેથી અટકતી નથી પત્રકારોને જેલના સળિયા દેખાડી દે છે. ડોનાલ્ડ ટ્રમ્પ સીએનએન ચેનલ આક્ષેપ કરે છે. તે ફેક ન્યૂઝ ફેલાવે છે. તુર્કીમાં ઘણા પત્રકારોને જેલમાં પૂર્યા છે. કંબોડીયામાં પરદેશી પત્રકારોને દેશની સ્થિરતા અને શાંતિ માટે ખતરારૂપ ગણવામાં આવે છે.




Click Here

# જૈન સોશ્યલ ગ્રુપ (મુલુંડ) દ્વારા પૂર્વ પ્રમુખોની તક્તી અનાવરણનો કાર્યક્રમ સાનંદ સંપન્ન











જૈન સોશ્યલ ગ્રુપના ૪૨ વર્ષના ઈતિહાસમાં મુલુંડ ગ્રુપે, ફેડરેશન અને રીજિયનમાં અનેક સુકૃતોના કાર્યો કર્યા છે. ગ્રુપના પૂર્વ પ્રમુખોએ ગ્રુપની પ્રગતિ, વિકાસ અને લોકપ્રિય બનાવવા માટે અમૂલ્ય યોગદાન આપેલ છે. તેઓની આ યશોગાથાને ઉજાગર અને યાદ કરવા માટે મુલુંડ ગ્રુપનાં ૪૨ વર્ષનાં પૂર્વ પ્રમુખોની સ્મરણોરૂપી તક્તી હાલના ઉત્સાહી પ્રમુખ જયંતીભાઈ મૈશેરીની પ્રેરણાથી ગ્રુપની ઓફિસ પર પ્રસ્થાપિત કરવામાં આવી છે. જેનું અનાવરણ તા.૨ ઓગસ્ટને શુક્રવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ગ્રુપની ઓફિસ ૧૦૧, સાફલ્ય બિલ્ડીંગ, ડો.આંબેડકર રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે કરવામાં આવ્યું હતું. તક્તી અનાવરણ મુલુંડ ગ્રુપના પ્રથમ પ્રમુખ શ્રી વલ્લભજીભાઈ ગડા, બોમ્બે રીજિયનના ચેરમેન શ્રી કિશોરભાઈ દોશી તથા મુલુંડ ગ્રુપના પ્રમુખ જયંતિભાઈ મૈશેરીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. જેને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટથી વધાવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવોએ પ્રાસંગિક વક્તવ્યો આપેલ હતા અને આ આયોજન બદલ ખુશી વ્યક્ત કરેલ હતી. ગ્રુપના પૂર્વ પ્રમુખોએ પણ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગ્રુપના પૂર્વ પ્રમુખો, હાલના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો સજોડે પધાર્યા હતા અને કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો હતો. પ્રમુખ જયંતીલાલ મૈશેરી: ૯૮૧૯૭ ૪૮૨૫૦, માનદ્ મંત્રી- દિલીપભાઈ શેઠ: ૯૮૨૦૬ ૯૬૮૪૮, શ્રીમતી ડિમ્પલબેન કોરડિઆ: ૯૮૬૯૬ ૬૦૨૯૦.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ દ્વારા નવું નાટક

### Have a Nice Day




જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડમાં સર્વ પ્રથમવાર તદ્દન નવું રોમાંસ, રમત અને રહસ્યથી ભરપૂર નાટક Have a Nice Day ગુરૂવાર તા.૧૫ ઓગસ્ટના જાહેર રજાના દિવસે રાતે ૯.૦૦ કલાકે કાલિદાસ નાટ્યમંદિર ખાતે રાખેલ છે.

આ જ મહિનામાં ગ્રુપ દ્વારા બીજો પ્રોગ્રામ બુધવાર તા.૨૮ ઓગસ્ટના રાતે ૯.૦૦ કલાકે કાલિદાસ નાટ્યમંદિર ખાતે સુપર ડુપર ખૂબજ વખાણેલું નાટક 'એકલવ્ય' રાખેલ છે. આ બન્ને નાટક ખૂબજ સુંદર છે જેની તારીખો નોંધી રાખશોજી.




આવા વિવિધ સુંદર નાટકોનો લાભ તેમજ ચૈત્ય પરિપાટી, બહારગામ ટૂર, પરદેશગમન પ્રવાસ વગેરેનો પ્રોગ્રામોનો લાભ લેવા ગ્રુપ ડિસ્કાઉન્ટ સાથે આમંત્રણ છે. તો આ ઈન્ટરનેશનલ જૈન સોશ્યલ ગ્રુપમાં તુરંત સભ્ય બની જવા વિનંતી. પ્રમુખ જયંતીલાલ મૈશેરી-૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્મંત્રી : દિલીપભાઈ શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલબેન કોરડીઆ.


II Shree Shankheshwar Parshwanathay Namah II

JSG Jain Social Groups Int. Federation Grow more to Serve more ISO 20121:2012

JAIN SOCIAL GROUP - MULUND

જૈન સોશ્યલ ગ્રુપ - મુલુંડ

101, Safalya, 1st Floor, Near Jain Temple, Dr. Ambedkar Road, Mulund (West), Mumbai - 400 080.
Whatsapp No.: 93263 85595, Email jsg.mulund@gmail.com

પ્રિય દંપતિ સભ્ય મિત્રો.... તા. ૫/૦૮/૨૦૨૪

આશ્રય સેવા પખવાડીયા અંતર્ગત

રવિવાર તા. ૧૧ ઓગસ્ટ ૨૦૨૪

"મેગા મેડિકલ ફ્રી ચેકઅપ કેમ્પ"



-: સ્થળ :-
તથાસ્તુ હોલ, કાલિદાસ કોમ્પ્લેક્સ,
પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.



સમય : સવારના ૯.૦૦ કલાકે થી બપોરે ૧.૦૦ કલાકે

Dr. Mandot and Shape-U Obesity Clinic ના સથવારે

આ કેમ્પમાં નીચેના ચેકઅપ કરવામાં આવશે...

- રેન્ડમ બ્લડ સુગર (Random Blood Sugar)
- લિપિડ પ્રોફાઈલ (Lipid Profile)
- ઈસીજી (ECG)



- ટી એસ એચ (TSH)
- બ્લડ પ્રેશર (Blood Pressure)



ડાયટ તેમજ દરેક ડૉ. ૮ મિનીટસ્ની સ્પીચ આપી અને સમજાવશે.CPR Training નો ડેમો (Demo) આપવામાં આવશે.



ડૉ. અભય જૈન
(કાર્ડિયોલોજીસ્ટ, હાર્ટ સર્જન, ફોર્ટિસ હૉસ્પિટલ)



ડૉ. યોગેશ સોલંકી
(DNB કાર્ડિયોલોજીસ્ટ, જસલોક હૉસ્પિટલ)



ડૉ. માનસી સોલંકી
(કન્સલ્ટન્ટ ફિઝિશિયન, ડાયાબીટોલોજીસ્ટ, થાઈરોઈડ સ્પેશિયાલિસ્ટ, ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ)

અને ત્યારબાદ પ્રશ્નોતરી સત્ર (૧૦ મિનીટ) રાખવામાં આવેલ છે.

આ તમામ ચેકઅપ ફક્ત જૈન સોશ્યલ ગ્રુપના મેમ્બર્સ તેમજ ફેમીલી મેમ્બર્સ માટે ઉપલબ્ધ રહેશે. જો તમારે બીજા કોઈ પણ ટેસ્ટ કરાવવા હોય, તો ૫૦% ડિસ્કાઉન્ટ તો ખરૂં છે. તદ્ઉપરાંત ૧૦% ડિસ્કાઉન્ટ Dr. Mandot નાં ક્લીનીકમાં તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધી આપવામાં આવશે.

મેમોગ્રાફી તપાસણીનું આયોજન સાયન માનવ સેવા સંઘ - સાયન (Sion) ખાતે સોમવાર થી શુક્રવાર સુધી બપોરના ૨.૦૦ થી ૪.૦૦ દરમિયાન કરવામાં આવશે . તેનું રજીસ્ટ્રેશન ફક્ત રૂા. ૧૦૦/- આપીને કરાવવું જરૂરી છે.

આ મેડિકલ કેમ્પના મુખ્ય લાભાર્થી શ્રી વલ્લભજીભાઈ બી. ગડા (JSG Mulund ના સ્થાપક પ્રમુખ 1982-1992) છે.

મેડિકલ કેમ્પમાં ચા, કોફી તેમજ લાઈટ નાસ્તાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

માનદ્ મંત્રી : શ્રી દિલીપભાઈ એચ. શેઠ 98206 96848
પ્રમુખ : શ્રી જયંતિલાલ ડી. મૈશેરી 98197 48250
માનદ્ મંત્રી : શ્રીમતી ડિમ્પલ આર. કોરડિઆ 98696 60290

ઑફિસ બેરર તેમજ સમસ્ત કમિટી મેમ્બર્સ

Walk Together, Talk Together, Act with One Mind.


Click Here

## શ્રાવણીયા સોમવારની જસરાજ દાદા મંડળ દ્વારા ભક્તિપૂર્ણ ઉજવણી



શ્રાવણ મહિનામાં ભક્તિના ઘોડાપૂર ઊમટતા હોય છે. જેની નાનકડી અનુભૂતિ જસરાજ દાદા ધૂપ આરતીમાં થઈ. શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે તા. ૫ ઓગસ્ટના રોજ ચેકનાકા પડવલ નગર સહયોગ પ્રાપ્ત જલારામ મંદિરમાં ભોલેનાથના ભજનો, શિવ ધૂનો, શ્લોકો, શિવ શાયરીઓથી સંપૂર્ણ વાતાવરણ ભક્તિમય બની રહ્યું. શિવજીના ડમરૂ અને ત્રિશૂળ પ્રતિક એમાં પૂરક બની રહ્યા. પ્રમુખ જગજીવનભાઈ તન્ના અને અન્યોએ ભજનોથી શિવવંદના કરી હતી. કાર્યક્રમ સંચાલનમાં મહામંત્રી લાલજી સરે શ્લોકો અને શિવ મુક્તકો વણી લીધા હતા. ઉપપ્રમુખ હીરાલાલભાઈએ ઉપસ્થિત બહેનોને રોકડ ઈનામ આપ્યા હતા. શરૂઆતમાં શ્રાવણ માસ ચંદ્રદર્શને જસરાજ દાદા સામુહિક ધૂપ આરતીમાં ભાવિકો જોડાયા હતા. પ્રદીપભાઈ ધીરાવાણી, પૂજારી પ્રકાશ મારાજ અને શ્રીમતી ઉષાબેન ઠક્કરની ટીમની બહેનોના મળી રહેલા સહયોગ માટે આભાર માનવામાં આવ્યો હતો.



## મુલુંડ ઈસ્ટ વિસ્તારના મીઠાગર રોડ પરની ફૂટપાથ પર કચરાના ખડકલા

મુલુંડ પૂર્વમાં મીઠાગર રોડ વિસ્તારના જીવન નગર પાસે ફૂટપાથ કચરા, ઝાડ-પાંદડાના અવશેષ તથા પથ્થર, માટી ડેબ્રિજના ખડકલા ફૂટપાથ પથરાયેલા છે. જેને લીધે રાહદારી રસ્તા વચ્ચે ચાલવા મજબૂર થાય છે. આવી પરિસ્થિતિ અત્રે ક્યાં સુધી બની રહેશે એ મોટો સવાલ છે. શું સુધરાઈ તંત્ર જાગશે?

---

### હરીશ ખોંભડીયા પ્રસ્તુત
### ઈર્શાદ ગઝલ કોર્નર...

**હેપ્પી ફ્રેન્ડશીપ ડે "દોષમાં થી તારે ઈ દોસ્તાર"**

એ રીતે સાથ દે છે સદા એક ક્ષણના દોસ્ત
પગલાં બની ગયા છે તમારા ચરણના દોસ્ત,
ઊભરો રહે ન દિલમાં ન બદનામીનો ડર,
શોધુ છુ ભેદ કહેવાને નબળાં સ્મરણના દોસ્ત
એના લીધે નિભાવી લીધી કંઈક દોસ્તી
બાકી અમે અહીં હતા બસ એક જણના દોસ્ત
હિંમતની એ ઊણપ હો કે કિસ્મતની વાત હોય
ખાબોચિયામાં તરમાં દીઠા છે ઝરણન દોસ્ત
એનું થવાનું એ જ કે પટકાશે આમતેમ
દરિયાના મોજેમોજા થયા છે તરણના દોસ્ત
તારા લીધે ખુવાર થયો છુ જહાનમાં
ઢાંકણ એ ભેદના બુરા આચરણના દોસ્ત
ઓ દોસ્ત કોઈ દોસ્તનો નથી એમા કસૂર
વાતાવરણ બનાવે છે, વાતાવરણના દોસ્ત
ક્યારે વજન હું એમનુ પામીશ શું ખબર
કંકર લઈને તોળું છુ લાખ મણના દોસ્ત
જઈને વતનમાં એટલુ જોયું અમે 'મરીઝ'
મોટા બની ગયા છે બધા બાળપણના દોસ્ત.



મરીઝ

સંકલન :હરીશ ખોંભડીયા

## બેલ્જિયમમાં સંગીત કાર્યક્રમના પાસ સસ્તામાં મેળવવાની લાલચમાં સાયબર ક્રાઈમમાં છેતરાયો મુલુંડનો યુવાન

સાયબર ગઠીયાઓ લોકોને લાલચ આપીને લોકોને છેતરવા માટે નિતનવી રીતો અપનાવે છે. ઘણું ખરું કોઇપણ વસ્તુ કે સેવા ખૂબ સસ્તામાં આપવાની લાલચ આપીને છેતરપિંડી કરતા હોય છે. એવો જ એક સાયબર ક્રાઈમનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં મુલુંડ વેસ્ટમાં પી.કે. રોડ પર રહેતા ૨૮ વર્ષના ગુજરાતી યુવાને બેલ્જિયમમાં આયોજિત મ્યુઝિક પ્રોગ્રામના પાસ ઑનલાઇન મેળવવા જતાં ૨૬ જુલાઈએ સાઇબર ફ્રોડમાં ૧,૨૦,૦૦૦ રૂપિયા ગુમાવ્યા હોવાની ફરિયાદ સોમવારે મુલુંડ પોલીસ-સ્ટેશનમાં નોંધાઈ હતી. બેલ્જિયમમાં થતા ટુમોરોલેન્ડ નામના મ્યુઝિક પ્રોગ્રામના પાસ ૬૦,૦૦૦ રૂપિયામાં હોવાની જાહેરાત ગુજરાતી યુવાને ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં જોઈ હતી. ત્યાર બાદ યુવાન ઉપરાંત તેના બે ગુજરાતી મિત્રો પ્રોગ્રામમાં જવા તૈયાર થઈ જતાં ત્રણેના પૈસા ઑનલાઇન સાઇબર ગઠિયાને મોકલ્યા હતા.

જુલાઈની શરૂઆતમાં ફરિયાદીએ તેના એક મિત્રની ઇન્સ્ટાગ્રામ પોસ્ટ પર મ્યુઝિક-પ્રોગ્રામ ટુમોરોલેન્ડની ટિકિટ ઉપલબ્ધ હોવાની જાહેરાત જોઈ હતી એમ જણાવતાં મુલુંડ પોલીસ-સ્ટેશનના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે 'આ પ્રોગ્રામના પાસ લાખો રૂપિયામાં મળતા હોય છે, પણ એ ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં માત્ર ૬૦,૦૦૦ રૂપિયામાં મળતા હોવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યાર બાદ ફરિયાદી યુવાને તેના બે મિત્રો સાથે જવાનું નક્કી કરીને બે ટ્રાન્ઝેક્શનમાં ૧,૨૦,૦૦૦ રૂપિયા સાઇબર ગઠિયાને મોકલી દીધા હતા. જોકે ત્યાર બાદ ટિકિટ મેળવવા યુવાને ફોન કર્યો ત્યારે સામે ગઠિયાનો નંબર બંધ મળી આવ્યો હતો. અંતે વધુ તપાસ કરતાં તેની સાથે સાઇબર છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં આ ઘટનાની ફરિયાદ અમારી પાસે નોંધાવવામાં આવી હતી. આ કેસમાં જે અકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા છે એની માહિતી કાઢવામાં આવી રહી છે.'

## ડાયાબિટીસના દર્દીઓ માટે ફંડસ પરીક્ષણ કરાવવું મહત્વનું કેમ છે?

ડાયાબિટીસ – સંબંધિત આંખના પરીક્ષણો દ્વારા ડાયાબિટીસ – સંબંધિત રેટિનાના રોગ, (ડીઆરડી), ડાયાબિટીસ – સંબંધિત મેક્યુલા એડીમા(ડીએમઇ), ગ્લુકોમા (ઝામર) અને મોતિયા (કેટરેક્ટ) જેવા રોગોને લીધે આંખના સ્વાસ્થ્ય પર ડાયાબિટીસની અસર શોધવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. નિયમિત પરીક્ષણ (સ્ક્રીનિંગ) અને પ્રારંભિક સારવાર ઘણીવાર ડીઆરડીના સ્તરને અટકાવી શકે છે અથવા ઉલટાવી શકે છે અને દ્રષ્ટિનું રક્ષણ કરી શકે છે. આંખનું જતન લેખમાળાના આજના મણકામાં મુલુંડની પ્રખ્યાત અને આધુનિક સુવિધાઓથી સજ્જ આઈહીલ હોસ્પિટલના ડો. કૌશલ શાહ ડાયાબિટીસ સંબંધિત આંખની ટેસ્ટ ફંડસ પરીક્ષણ અંગે ઉપયોગી માહિતિ આપે છે.

**ફંડોસ્કોપી અથવા ફંડસ એક્ઝામિનેશન**


ફંડોસ્કોપી એ ડીઆરડીની ઉપસ્થિતિ અને તેનું સ્તર નક્કી કરવાની સૌથી મહત્વપૂર્ણ પદ્ધતિ છે. સામાન્ય રીતે, એકવાર આંખની કીકીનું વિસ્તરણ (ડાયલેશન) કરવામાં આવ્યા પછી




ડાયરેક્ટ ઓપ્થાલ્મો-સ્કોપ, પરોક્ષ ઓપ્થાલ્મો-સ્કોપ અથવા સ્લિટ-લેમ્પ માઈક્રોસ્કોપના ઉપયોગ દ્વારા આંખની પાછળના ભાગનું અત્યંત વિસ્તૃત દ્રશ્ય જોઈ શકાય છે, જેમાં વિટ્રીયસ, રેટિના, રેટિનાની રક્તવાહિનીઓ અને દૃષ્ટિ સંબંધિત જ્ઞાનતંતુ (ઓપ્ટિક નર્વ)નો સમાવેશ થાય છે. ઓપ્ટિક નર્વનું પરીક્ષણ કરતી વખતે, રેટિનામાં ડાયાબિટીસ-સંબંધિત ફેરફારો જોવા પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

**ફંડસ ફોટોગ્રાફીની ભૂમિકા:**

ફંડસ ફોટોગ્રાફીમાં મેક્યુલા, ઓપ્ટિક નર્વ, રેટિનાની કેશવાહિનીઓનું જાળું (વેસ્ક્યુલેચર), અને રેટિનાના પરિઘ સહિત આંખની પાછળના ભાગમાં આવેલા અંગોના વાઈડ-એંગલ, ઉચ્ચ-રિઝોલ્યુશનવાળા ફોટોગ્રાફનો સમાવેશ થાય છે. આ ફોટોગ્રાફ્સને રેકોર્ડ કરી શકાય છે અને દર્દીના તેના રોગ અંગે




શિક્ષિત કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય છે. અલ્ટ્રા-વાઇડ ફીલ્ડ રેટિના ઇમેજિંગના ગ્રેડિંગનો ઉપયોગ ઘણીવાર DRDના સ્ટેજ અને તેના અનુસરણ માટે થાય છે. સમયાંતરે લીધેલા ફોટોગ્રાફ્સની સરખામણી કરવાથી આંખના રોગના નિષ્ણાત ડોક્ટર રોગની તીવ્રતા નક્કી કરી શકે છે અને તેની પ્રગતિનું નિરીક્ષણ કરી શકે છે.

Click Here



## મુંબઈગરાઓના પાણીનો પુરવઠા માટે BMC યેવઈ ડેમથી મુલુંડ સુધીની ૨૧ કિ.મી. લાંબી વોટર ટનલ બાંધશે

મુંબઈગારાઓને પીવાનું પાણી પૂરું પાડવા માટે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) શહેરમાં વિવિધ સ્થળોએ પાણીની ટનલનું નેટવર્ક બનાવી રહી છે. આ અંતર્ગત થાણે જિલ્લાના યેવઈ જળાશયથી મુલુંડ સુધી ૨૧ કિલોમીટર લાંબી વોટર ટનલ બનાવવામાં આવશે. BMC એ ભારતની પ્રથમ સ્થાનિક સરકારી સંસ્થા છે જેણે પાણી પુરવઠા માટે પાણીની ટનલ બનાવી છે. મુંબઈ મહાનગર વિશ્વનું બીજું શહેર છે જ્યાં ૧૦૦ કિ.મી. જેટલી પાણીની ટનલ છે. મુંબઈની પાણી પુરવઠા વ્યવસ્થાને વિશ્વની સૌથી મોટી પાણી પુરવઠા યોજનાઓમાંની એક ગણવામાં આવે છે.

આ પ્રોજેક્ટના નિર્માણ માટે સાડા પાંચ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં, યેવઈ જળાશયથી ભિવંડીના કશેળી સુધી ૧૪ કિલોમીટર લાંબી પાણીની ટનલ બનાવવામાં આવશે. બીજા તબક્કામાં કશેળી અને મુલુંડ વચ્ચે ૭ કિલોમીટર લાંબી વોટર ટનલ બનાવવાની યોજના છે.

આ વોટર ટનલ પ્રોજેક્ટ માટે મુંબઈ મહાનગરપાલિકાએ નાગરિકો અને અન્ય સંસ્થાઓને જો કોઈ વાંધો હોય તો એક મહિનાની અંદર સૂચનો અને વાંધા રજૂ કરવા અપીલ કરી છે. આ વોટર ટનલ પ્રોજેક્ટ માટે ખોદકામ મશીનનો ઉપયોગ કરવામાં આવશે. ૧ ઓક્ટોબરથી આ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવાનું પણ આયોજન છે.

૧૬.૬૫ મીટરના વ્યાસવાળીઆ વોટર ટનલ૧૨૮ થી ૧૩૪ મીટર જમીનની નીચે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે વર્ક ઓર્ડર પણ બહાર પાડવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનું કામ ચોમાસાના અંત પછી શરૂ થશે. આ ટનલ સેંકડો ઈમારતોની નીચેથી પસાર થશે, તેથી રહેવાસીઓને આ વિશે માહિતી આપવાની જરૂર છે.

## મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર ભૂષણ ગગરાણી પાસે માંગ કે મુલુંડમાં જે નબળી ગુણવત્તાના કામ થઈ રહ્યા છે તેની તપાસ કરાવે









ચોમાસું શરૂ થતાં જ ખાડાઓ ભરવા અંગે મહાનગરપાલિકાના તમામ દાવા પોકળ સાબિત થાય છે.

આ દિવસોમાં, મુલુંડના રસ્તાઓ ખાડાઓમાં ફેરવાઈ ગયા છે, ખાડાઓ ભરવા માટે કોન્ટ્રાક્ટરો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રી ખૂબ જ નબળી ગુણવત્તાની છે, જેના કારણે ફરીથી ખાડાઓ રચાય છે.

સેવક શુલભ જૈનને દરરોજ નાગરિકો તરફથી ૧૦થી વધુ ફરિયાદો મળે છે. નાગરિકોનું કહેવું છે કે લોકસેવક શુલભ જૈનની ફરિયાદથી વહીવટીતંત્રને જાગીને જનતાના કામ કરવા મજબૂર કરે છે.

આ દિવસોમાં મુલુંડના ડો આરપી રોડ, મહાત્મા ગાંધી માર્ગ, એલબીએસ માર્ગ, મુલુંડ ગોરેગાંવ લિંક રોડ, મદનમોહન માલવીયા રોડ, પીકે રોડ જેવા અનેક સ્થળોએ મોટા ખાડા નાગરિકો માટે માથાનો દુખાવો બની ગયા છે, પરંતુ નાગરિકોની સમસ્યા છે. શુલભ જૈન સતત પ્રશ્ન ઉઠાવી રહ્યા છે, આજે નાગરિકો તેમની સમસ્યાઓ માટે પ્રશાસન કરતાં શુલભ જૈન પાસેથી વધુ અપેક્ષા રાખે છે.

શુલભ જૈને મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ભૂષણ ગગરાણી પાસે મુલુંડમાં થઈ રહેલા નકામા કામની તપાસ કરવા અને ખાડામુક્ત મુલુંડ આપીને નાગરિકોને રાહત આપવાની માંગણી કરી છે!

## ડાયાબિટીક પગના રક્ષણ માટે નિયમિત ચેક-અપનું મહત્વ




*ડાયાબિટીસ એ એક લાંબા સમય સુધી ચાલતી સમસ્યા છે જેના દ્વારા થતી જટિલતાઓ (કોમ્પ્લિકેશન્સ)ને રોકવા માટે ખૂબ ચીવટપૂર્વકના મેનેજમેન્ટની જરૂર છે. ડાયાબિટીસ ધરાવતા લોકો જે સંભવિત જોખમોનો સામનો કરે છે તેમની યાદીમાં ડાયાબિટીક પગની સમસ્યાઓ ઉચ્ચ સ્થાને છે. ગંભીર કોમ્પ્લિકેશન્સ ના જોખમોને ઘટાડવા, વહેલું નિદાન કરવા અને તેની સારવાર શરૂ કરવા માટે નિયમિત રીતે પગની તપાસ કરાવવી મહત્વપૂર્ણ છે.*

*ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓના જ્ઞાનતંત્રને નુકસાન થવાની સંભાવના હોય છે, જેને ન્યુરોપથી તરીકે ઓળખવામાં આવે છે. ન્યુરોપથીને કારણે પગની સંવેદનામાં ઘટાડો થાય છે. આ ઉપરાંત, ડાયાબિટીસ ધરાવતીવ્યક્તિઓમાં શરીરના અંગોના છેવાડાના ભાગમાં રક્તનું પરિભ્રમણ ઓછું થવું સામાન્ય છે. આ સર્વ પરિબળો ઇજાઓ અને ચેપ માટે પગની નબળાઈમાં વધારો કરે છે અને પગની સંવેદનામાં ઘટાડો થયો હોવાને કારણે એ તરફ કોઈનું ધ્યાન જતું નથી.*

*ડાયાબિટીક પગની સમસ્યાઓમાં ફોલ્લાઓ અને પગની ચામડી જાડી થઇ જવી (કૈલસ) જેવી નાની સમસ્યાઓથી માંડીને વધુ ગંભીર ગૂંચવણો જેવી કે પગના અલ્સર અને ચેપ સુધીનો સમાવેશ થાય છે. જો સારવાર ન કરવામાં આવે તોઆ સમસ્યાઓ વધી શકે છે, જે પગની આંગળીઓ કપાવવા (અંગવિચ્છેદન) સહિતના ગંભીર પરિણામો તરફ દોરી જાય છે.*

*આ જોખમોને ઘટાડવા માટે ડાયાબિટીસના નિષ્ણાત હેલ્થકેર પ્રોફેશનલ્સ ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ માટે નિયમિત પગની તપાસની ભારપૂર્વક ભલામણ કરે છે. આ ચેક-અપ દરમિયાન તેઓ પગને નુકસાન, ચેપ અથવા અસામાન્યતાના કોઈપણ ચિહ્નો માટે તપાસે છે. તેઓ પગમાં સંવેદના, લોહીનું પરિભ્રમણ અને પગના એકંદર આરોગ્યનું મૂલ્યાંકન કરે છે, જે સંભવિત જોખમો પર એવી મૂલ્યવાન માહિતી પ્રદાન કરે છે જેના ઉપર ધ્યાન આપવાની જરૂર છે.*

*ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓએ પગની દૈનિક સંભાળને પ્રાથમિકતા આપવી જોઈએ. આ સંભાળમાં પગને સારી રીતે ધોવા અને સૂકવવા, ત્વચાને શુષ્ક થતી રોકવા માટે મોઇશ્ચરાઇઝિંગ ક્રીમ લગાડવી અને કોઈ પણ પ્રકારના કાપા, ચાંદા અથવા અસામાન્ય ફેરફારો માટે પગનું નિયમિતપણે નિરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે. આરામદાયક અને સારી રીતે ફિટિંગવાળા ફૂટવેર પહેરવા પણ મહત્વપૂર્ણ છે, કારણ કે અયોગ્ય પગરખાં પ્રેશર પોઈન્ટ નિર્માણ કરીને ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે.*

*ડાયાબિટીક પગની સમસ્યાઓના મેનેજમેન્ટમાં વહેલું નિદાન અને સારવારની સમયસર શરૂઆત ચાવીરૂપ છે. જો ચેક-અપ અથવા વ્યક્તિગત પરીક્ષણ દરમિયાન કોઈ સમસ્યાનું નિદાન થાય, તો કોમ્પ્લિકેશન્સને વધતી અટકાવવા માટે તાત્કાલિક તબીબી સહાય લેવી જોઈએ.*

*નિવારણ હમેંશા ઇલાજ કરતાં વધુ સારું છે (Prevention is always better than cure). લોહીમાં સુગરના યોગ્ય પ્રમાણમાં નિયંત્રણ દ્વારા સક્રિયપણે ડાયાબિટીસનું મેનેજમેન્ટ કરીને, તંદુરસ્ત જીવનશૈલી અપનાવીને અને પગની નિયમિત તપાસ કરાવીને, ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓ ડાયાબિટીસક પગની કોમ્પ્લિકેશન્સના જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે.*

*યાદ રાખો, તમારા પગની સંભાળ રાખવી એ ડાયાબિટીસને નિયંત્રિત કરવાનો એક આવશ્યક ભાગ છે. પગની નિયમિત તપાસની અવગણના કરશો નહીં અને પગની સંભાળ માટે ભલામણ કરેલી સૂચનાઓનું પાલન કરો. આમ કરવાથી તમે તમારા પગને સુરક્ષિત રાખી શકશો અને ડાયાબિટીસ હોવા છતાં તંદુરસ્ત ભવિષ્યની ખાતરી રાખી શકશો.*

Click Here





## નેતાજી મિત્ર મંડળ દ્વારા ૧૦મા-૧૨મા ધોરણના ગુણવંત વિદ્યાર્થીઓનું સન્માન કરાયું

તા.૪ ઓગસ્ટ રવિવારના રોજે નેતાજી મિત્ર મંડળના ઉપક્રમે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ધોરણમાં ઉચ્ચતમ ગુણાંક મેળવી સફળતાને વરેલ ગુણવાન વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવાનો સમારોહ સાંજે ૫ કલાકે ચંદન બાગ સ્કૂલ, એમ.જી.રોડ, મુલુંડ વેસ્ટમાં માજી સાંસદ મનોજ કોટક અને ભાજપ કોંકણ વિભાગ ઉદ્યોગ આઘાડી અધ્યક્ષ ઓંકાર હેર્લેકરના મુખ્ય અતિથિ પદે યોજાયો.આ પ્રસંગે મુલુંડ વિધાન સભા મંડળના અધ્યક્ષ મનીષ તિવારી, પૂર્વનગરસેવક એડ.હર્ષદ દેસાઈ સાથે પ્રવીણ ઝા, વિશ્વનાથ મ્હસકે, સીતારામ ખાડેકર, મહાદેવ ગાવડે, કનૈયા ગુપ્તા, રાજેશ ગુપ્તા, વિજય સિંહ, વિનોદ દ્વિવેદી, રામ ઝા કવિતા ઠક્કર સહિત ભાજપના પદાધિકારીઓ કાર્યકર્તાઓ, વિદ્યાર્થીઓ, વાલી ગણ ઈત્યાદી ઉપસ્થિત રહ્યાં હતાં.

## મુલુંડના વીણાનગર સિગ્નલ પાસેની ફૂડ ડિલેવરી બાઈક દ્વારા અવરોધાયેલી છે



ફૂટપાથનો મુખ્ય ઉદ્દેશ રાહદારીઓ સરળતાથી અને સલામત થઈને અવર જવર કરી શકે એ માટે હોય છે. પણ મુલુંડ વેસ્ટમાં એલ.બી.એસ.માર્ગ પરના વીણાનગર સિગ્નલ પાસે ડોમિનોઝ પિત્ઝા આઉટ લેટ બહારની ફૂટપાથ ડોમિનોઝના ફૂડ ડિલેવરી કરતાં ટુવ્હીલર બાઈકની હરોળ ફૂટપાથ ઉપર પાર્કીંગ કરેલી રહે છે. જેનાથી આ વિસ્તારની ફૂટપાથ લોકો માટે સરળતાપૂર્વક ચાલવા માટે ઉપયોગી થતી નથી એવું જોવા મળી રહ્યું છે.



## રાહદારીઓની દિશા ભૂલ કરતો સ્ટ્રીટ સાઈન બોર્ડ

મુલુંડ વેસ્ટ સર્વોદય નગર વિસ્તારના સેન્ટ પાયસ ક્રોસ રોડને નાકે સેન્ટ પાયસ માર્ગ દર્શાવતું બોર્ડ બનાવાયું છે પણ તેમાં બોર્ડ ઉપર નીચે બાજુ ગૌશાલા રોડ પણ વાંચવા મળે છે.

આમ રાહદારીઓને આ બોર્ડ ગુમરાહ કરે છે અને આ કારણે મુલુંડમાં સુધરાઈ દ્વારા નવા અને મોટા સાઈન બોર્ડ સ્થાપિત કરાયા છે તેવા બોર્ડ અત્રે ખરા નામકરણ સાથે બનાવીને સત્વરે રખાય એવી લોકોની માંગ છે.


## SMPR ગુજરાતી શાળાના પ્રાયમરી વિભાગમાં સેવા મહોત્સવ ઉજવાયો





તા.૨ ઓગસ્ટ શુક્રવારના રોજ એસ.એમ.પી. આર. ગુજરાતી શાળાના પ્રાયમરી વિભાગમાં બે મુખ્ય કાર્યક્રમોનું આયોજન મુલુંડના જાણીતા રાષ્ટ્રીય, રાજ્ય પુરસ્કાર પુરસ્કૃત શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન શેઠે કરેલ હતું. તે પૈકી ત્રણ દાયકાથી વધુ સમય એસ.એમ.પી.આર. શાળાના બાલમંદિર વિભાગમાં શિક્ષણ આપી ચુકેલા તેમના માતુશ્રી સ્વ.નિર્મળાબેન લક્ષ્મીચંદ ધરમશીની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બાલમંદિરના બાળકોને સ્કૂલ બેગ વિતરણ અલ્પાહાર તથા વર્કશોપનું આયોજન કરેલ હતું. શાળાના મુ.શિ. શ્રીમતી સંગીતાબેન પટેલે પ્રાયમરી વિભાગ માટે પણ શૈક્ષણિક સાહિત્યની જરૂરત વિષે જાણ કરતા મુલુંડના લોહાણા સમાજના શ્રેષ્ઠી દાતા હિરાલાલ મૃગને આ વાત જણાવતા હરહંમેશ સેવાકાર્યમાં અગ્રેસર રહેતા હિરાલાલભાઈ તેમના દિકરા-વહુ રાહુલ-આકાંક્ષાના ઘેર પુત્ર હ્રદયની પધરામણી તથા તેમની દીકરી દર્શના સૌરભ કેસરીયાની દીકરી હિશા ના ૩ ઓગસ્ટના જન્મદિન નિમિત્તે ૧ થી ૪ ધોરણનાં બાળકોને સુંદર સ્કૂલબેગનું વિતરણ કરેલ હતું તથા બધા જ વિદ્યાર્થીઓ માટે ઈડલી-ચટણી તથા ગુલાબજાંબુના અલ્પાહારનું પણ આયોજન કરાયું હતું. આજ શાળામાં સાથે ભણી મોટી થયેલ બંને સખીઓ કસ્તુરી ભદ્રા તથા ભાવનાબેન શેઠે હંમેશા તેમના ઘરે આવતા પ્રસંગે વિવિધ સેવાકાર્યોના સંસ્કાર તેમના બાળકોમાં પણ સિંચ્યા છે.

૩૧ જુલાઈના કસ્તુરીબેનના દીકરા નયનનો જન્મદિવસ પણ બાળકોને નોટબુક્સ સેટ વિતરણ કરી ઉજવાયો હતો. દર્શનાબેન તથા હિશાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા મહેમાનોને પિપરમેન્ટથી મોઢુ મીઠુ કરાવેલ હતું. પ્રાયમરી વિભાગના મુ.શિ.શ્રીમતી હર્ષાબેન કોઠારીની અનુમતિથી બાળકોને ગમ્મત દ્વારા જ્ઞાન મળે તે માટે શ્રીમતી ભાવનાબેન શેઠે પ.પૂ. નમ્રમુનિ પ્રેરિત લુક એન્ડ લર્ન માં શિક્ષણ આપતી દીદી રીનાબેન, ભાવનાબેન, જસ્મીનબેન ઈત્યાદીને બોલાવી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન આપ્યું હતું. શ્રીમતી ભાવનાબેનની વિનંતીને માન આપી સદર શાળાના અધિ મુ.શિ. સ્વ. શ્રીમતી અનસૂયાબેન દેસાઈની શિક્ષિકા દીકરી મીતાબેન પોપટ તથા સદર શાળાના અંગ્રેજી માધ્યમના સેક્રેટરી શ્રી સંદીપભાઈ પોપટ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સ્વ. નિર્મળાબેનના આદ્ય વિદ્યાર્થીયો પૈકી સેમિન કોરડીયા સંજોગોવશાત ગેરહાજર હોવાથી તેમની પત્ની નેહાબેન સાથે પોતાનો વિડીયો રેકોર્ડીંગ મોકલી સ્વ. નિર્મળાબેનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સ્વ. શ્રીમતી નિર્મળાબેનના આદ્ય વિદ્યાર્થી શ્રી ગુણવંતભાઈ તથા તેમના પત્ની ભાવનાબેને ૧૦-૧૧ વર્ષ પહેલા સ્વ. નિર્મળાબેનના આર્શિવાદ લઈ શરુ કરેલ ક્રાંતિ સેવા ગ્રુપ ખૂબ પ્રગતિ કરેલ છે. અનિવાર્ય સંજોગને કારણે તે ઉપસ્થિત ન રહી શકતા ક્રાંતિગ્રુપના સેવાભાવી સદસ્યશ્રી ગૌરવ બી. શાહ તેમની પત્ની શ્રીમતી તેજલબેન સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. મોટાભાગે ઉપસ્થિતો સદર શાળાના આદ્ય વિદ્યાર્થીઓ હોવાથી પોતાના મીઠા સંસ્મરણો વાગોળ્યા હતા. હિરાલાલ મૃગે નન્હેમુને બચ્ચે તેરી મુઠી મેં ક્યા હૈં ગીત ગાઈ બધા ને આનંદિત કર્યા હતા. આભારવિધિ મુ.શિ. સંગીતાબેન પટેલે કરી હતી.





Click Here



# કચ્છ યુવક સંઘ મુલુંડ શાખા દ્વારા ૪૮મી મેગા રક્તદાન શિબિર યોજાઈ

તા.૪ ઓગસ્ટ રવિવારે સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમ્યાન મહારાષ્ટ્ર સેવા સંઘ હોલ, જે.એન.રોડ, મુલુંડ વેસ્ટ સ્થળે કચ્છ યુવક સંઘ મુલુંડ શાખા દ્વારા ૪૮મી મેગા રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન થયું. સહયોગી દાતા હેમચંદ મૂળજી ગડા નાના રતડીયા અને પ્રસંગ સ્થળના પ્રદાતા મહારાષ્ટ્ર સેવા સંઘ-મુલુંડ સેવા સંઘ હતા.

સહયોગી સંસ્થાઓ ભારત વિકાસ પરિષદ મુલુંડ, મુલુંડ અચલગચ્છ જૈન સંઘ, ભાનુ યુથ સર્કલ મુંબઈ, વીર જસરાજ દાદા મંડળ મુલુંડ, શ્રી કચ્છી વિશા ઓસવાલ સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ મુલુંડ, શ્રી હાલારી વિશા ઓસવાલ સેવા સમાજ મુલુંડ તથા શ્રી મુલુંડ બ્રહ્મક્ષત્રિય સમાજનો આત્મીય સંગાથ રહ્યો હતો.

કુલ્લ ૪૨૧ બોટલ બ્લડ જમા થયું હતું. તે સાથો સાથ વિવિધ ફ્રી મેડિકલ ચેકઅપનો ૧૦૦ જણએ લાભ લીધો હતો. અંગદાન માટે ૧૬ લોકોએ સંમતિ પત્ર ભર્યા હતા. શિબિરના સંયોજક અલ્પેશ સાવલા, સહસંયોજક લય મારૂ. રક્તદાન શિબિર કન્વીનર આનંદ પવાણી, સહકન્વીનર અમિત દોશી, ઓર્ગન કન્વીનર શીતલ ગાલા, સહ કન્વીનરો હાર્દિક ઠક્કર તથા સોનલ હરિયા રહ્યાં હતાં.

# જી.વી.સ્કીમ મ.ન.પા.ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓ માટે બસ પુનઃ શરૂ થઈ





બૃહન્મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત જી.વી.સ્કીમ ગુજરાતી શાળામાં ભણવા આવતા બાળકો દૂર-દૂર વિસ્તારમાંથી આવે છે. બાળકો માટે છેલ્લા દોઢ મહિનાથી બસની વ્યવસ્થા ચાલુ થયેલ નથી. કેટલાક તાંત્રિક અડચણને લીધે બસ સેવા અટકી પડેલ છે.

આ સમસ્યાનો ઉકેલ લાવવા શાળાના વાલીઓ સાથે મળી 'દૈનિક મહારાષ્ટ્ર સમ્રાટ'ના પત્રકાર મહેન્દ્રકુમાર રાજગોરને મળ્યા હતા. તેમને વિનંતી કરી કે બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે તેમને સહાયરૂપ થવા વિનંતી કરી હતી.

વાલીઓની અડચણનો ઉકેલ લાવવા પત્રકાર મહેન્દ્ર કુમાર રાજગોર 'ટી' વોર્ડની ઓફિસમાં જઈ શાળાના પ્રશાસકીય અધિકારી આર્ય સરને મળ્યા હતા. તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ આર્યસરે તેમને ખાત્રી આપી હતી કે બે-ચાર દિવસમાં શાળાના બાળકો માટે બસની વ્યવસ્થા થઈ જશે.

શાળાના પ્રશાસકીય અધિકારીએ તેમના સ્તરે ત્વરિત પ્રયત્નો કરી ફક્ત બે દિવસમાં પરવાનગી મેળવી. તા.૨ ઓગસ્ટ થી બસ કાર્યરત કરી તેમનું વચન પરિપૂર્ણ કરેલ છે. બાળકો માટે બસ સેવા ફરીથી કાર્યરત થવા બદલ વાલી અને બાળકોમાં અનેરો આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

આ સમસ્યાનો ઉકેલ લાવવા બદલ સમગ્ર વાલી મંડળ, બાળકો અને શિક્ષકો તેમજ પત્રકાર રાજગોર ભાઈનો પણ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.


GS SHETTY CRYSTAL HALL

Crystal hall, has exquisite interiors and high ceiling to give it a Crystal look. It has a floating capacity for 125 people (Seating Capacity 70 people). The dining area is separate and on the same level, hence facilitates easy flow of people, The hall is fully air-conditioned comes with kitchen space & excellent washroom with a glance of Gautam Buddha.





Gala No.5, Dr Rajendra Prasad Rd, Jagjivan Ram Nagar, Mulund West, Mumbai, Maharashtra 400082

Contact Details - 8452037666




Saatvik FOOD HUB

VEG MEAL TRAY / ORIENTAL MEAL TRAY

TO ORDER ONLINE

zomato SWIGGY

www.fofcuisine.petpooja.com

F29 Runwal Galleria, Runwal Greens, Mulund Goregoan link road,Mulung West



Call For Delivery - 955 955 6797 | 955 955 9459

Click Here





## શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળાનું ગૌરવ

તા.૩૧ જુલાઈ ૨૦૨૪ના બુધવારે મુંબઈની સેન્ટ્રલ લાઈનની બધી ગુજરાતી પ્રાથમિક શાળાઓ માટે અભિયન ગીત ગાવાની હરિફાઈનું આયોજન થયું હતું. તેમાં મુલુંડની શેઠ મોતીભાઈ પચાણ રાષ્ટ્રીય શાળાની ધોરણ ૧લા ની વિદ્યાર્થીની કુમારી પરી વિજય ગોરસવાનો દ્વિતીય નંબર આવ્યો હતો. માર્ગદર્શન આપનાર શાળાના મુ.શિ.હર્ષાબેન કોઠારી હતા. શાળા વતી આ વિદ્યાર્થીનીને અભિનંદન અપાયા હતા.

## શ્રી મોમાઈ માઁ ધામ-મુલુંડ દ્વારા દશામાના વ્રતના મહાપ્રસાદ ભંડારાનું આયોજન



શ્રી મોમાઈ માઁ ધામ-મુલુંડ દ્વારા દશામાના વ્રતના મહાપ્રસાદ ભંડારાનું આયોજન મંગળવાર, તા.૧૩ ઓગસ્ટના રોજ શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) ખાતે સાંજે ૭ વાગ્યાથી કરવામાં આવ્યું છે.

શ્રી મોમાઈ માઁના સર્વે ભાવિક ભક્તોને મહાપ્રસાદ ભંડારાનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.




# મુલુંડ ઈસ્ટની ૧૫ વર્ષીય કિશોરીએ ટ્રેન સામે જઈ આપઘાત કર્યુ

મુલુંડ સ્ટેશન પર ગત મંગળવારે રાત્રે સાડાઆઠ વાગ્યે બે નંબરના પ્લેટફોર્મ પરથી ૧૫ વર્ષીય કિશોરી દિવ્યા ગોસાવીએ આત્મહત્યા કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કુર્લા રેલવે પોલીસે પ્રાથમિક માહિતી અનુસાર ઍક્સિડેન્ટલ ડેથ રિપોર્ટ (ADR) નોંધીને દિવ્યાએ શા માટે આત્મહત્યા કરી એની તપાસ શરૂ કરી છે.

મુલુંડ-ઈસ્ટમાં પિતા અને ત્રણ ભાઈ-બહેનો સાથે રહેતી દિવ્યાએ મંગળવારે રાતે આઠ વાગ્યે મુલુંડ સ્ટેશનના પ્લેટફોર્મ-નંબર બે પર આવીને એકાએક ટ્રેન સામે ઝંપલાવી દીધું હતું. કુર્લા રેલવે પોલીસ-સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સંભાજી યાદવે કહ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSTM) જતી ૮.૨૦ વાગ્યાની ટ્રેન મુલુંડ સ્ટેશનના પ્લેટફોર્મ-નંબર બે પર પ્રવેશી ત્યારે દિવ્યાએ ટ્રેનની સામે ઝંપલાવ્યું હોવાનું સ્ટેશન પરના ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કેમેરાના ફુટેજમાં દેખાઈ આવ્યું છે.

દિવ્યાના પિતા મનોજનું પ્રાથમિક સ્ટેટમેન્ટ લેતાં એવું જાણવા મળ્યું હતું કે તેની પત્ની ચાર દિવસ પહેલાં પોતાના ગામમાં ગઈ હતી જેને કારણે દિવ્યા ડિપ્રેસ્ડ થઈ ગઈ હતી. જોકે આત્મહત્યા પાછળનું મૂળ કારણ જાણવા અમે વધુ તપાસ શરૂ કરી છે.’

## ગોલ્ડન એજ ગ્રુપનો ચૌદમો પ્રોગ્રામ ગીતોની રમઝટ સંગે યોજાયો



ગોલ્ડન એજ ગ્રુપનો ચૌદમો પ્રોગ્રામ તા. ૧ ઓગસ્ટના ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન આર્ય નિવાસ હોલ વિકાસ સેન્ટરમાં આયોજીત કરવામાં આવ્યો હતો જેમાં ૧૦૦ જેટલા મેમ્બરો હાજર રહ્યાં હતા. ગ્રુપના મેમ્બર કમલાબેન રૂપારેલ ના શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળીને એમને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં જેમના જન્મ દિવસ છે. તે મેમ્બરોને શુભેચ્છાઓ આપવામાં આવી. આજે અંકિતા કોર્પોરેશનના જીતુભાઈ અને આર્ય નિવાસ હોલના ટ્રસ્ટી સંદિપભાઇ પોપટનું ફૂલોના બુકેથી સન્માન કરવામાં આવ્યું. ભારતીબેન મહેતા એ સુર મંજુલા ગ્રુપના કલ્પેશભાઈ તેમજ ક્રિષ્નાબેનને ગીતોની રમઝટ માણવા આમંત્રિત કર્યા હતા. અને ભેટ સોગાદ આપીને એમનું સ્વાગત કરવામાં આવ્યું. ગીતોના તાલ અને રમઝટ સાથે ગ્રુપના બધા મેમ્બરો ઝુમી ઉઠ્યા હતા ભાવનાબેન રાજાવાડા એ મીનાબેન ઠક્કર માટે કેક લાવીને સરપ્રાઈઝ આપીને આજના પ્રોગ્રામની શાન વધારી હતી. નાસ્તો ભારતીબેન મહેતા અને મીનાબેન ઠક્કર તરફથી અને આઇસ્ક્રીમ પ્રવીણભાઇ વસા તેમજ ગ્રુપના ફંડ તરફથી આપવામાં આવ્યો હતો.





## મુલુંડવાસીઓ, આવા જીવલેણ ખાડાઓથી સાવધાન!



ચોમાસા પહેલાં બીએમસી ગમે તે દાવા કરે, પણ હકીકત એ છે કે વરસાદ પડતાં જ મુલુંડ સહિત મુંબઈના માર્ગો પર ખાડાઓનું સામ્રાજ્ય છવાઈ જાય છે. આવો જ એક જીવલેણ અકસ્માત નોંતરી શકે એવો ખાડો મુલુંડ વેસ્ટમાં પરેશ ગંગારામ ઠક્કર માર્ગ ઉપર દેવીદયાલ રોડ બસ ડેપોની સામે રસ્તાની વચ્ચોવચ્ચ આવેલો છે તેનાથી સાવધાન રહેવા મુલુંડકરોને સોચ બદલો મુલુંડ બદલેગાના સુલભ જૈન દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

Click Here



## સંગિની સૌરભ

સંકલન – હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫

– બીના કીર્તિ શાહ



# જૈન આચારો કયા કયા ગૃહસ્થ ધર્મ (ભાગ-૨)

પોતાની મા ના વખાણ કોણ ન કરે ? હું જૈન છું માટે જૈન દર્શનના વખાણ કરું કે શ્રેષ્ઠતા પૂરવાર કરું તો એમાં કશું જ અજુગતુ નથી પણ આશ્ચર્યની વાત તો એ છે કે જેમ સૂર્ય ચંદ્ર આકાશ પૃથ્વી પવન વર્ષા બધાંના છે તેમ મહાવીર પ્રભુ પણ કેવળ જૈનોના જ નહીં પણ સમગ્ર વિશ્વનાં છે ને તેમની નીતિમત્તા એજ જૈન ના આચારો છે

'આચાર: પ્રથમો ધર્મ' પ્રમાણે જ્ઞાન ઓછું હોય તે ચાલે પણ જીવનમાં આચારધર્મ તો આવવો જ જોઈએ. સત્વશાળી જીવો સર્વ વિરતિધર્મનું આચરણ કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે જ્યારે અલ્પ સત્વવાળા જીવો દેશ વિરતિએટલે કે ગ્રહસ્થ ધર્મનું આચરણ કરે છે.

ગૃહે તિષ્ઠતિ ઈતિ ગૃહસ્થ, અર્થાત ઘરમાં રહીને ચતુકિંચિત પણ મોક્ષમાર્ગની આરાધના કરે તે ગૃહસ્થ ધર્મ કહેવાય. સહુ પ્રથમ આત્મને સમ્યગ્ પ્રકારે જાણીને સમજીને વિશુદ્ધિ મેળવવા માટે ગૃહસ્થ ધર્મના વ્રત, તપ, જપ, નિયમો અને સિદ્ધાંતોનો આદર કરવો. સમ્યગ જ્ઞાન થયા પછી જ સમ્યગ ચારિત્રની શરૂઆત થાય છે.

જૈન ધર્મ મૂળમાં અહિંસા, સત્ય, મૈત્રી, બ્રહ્મચર્ય, અચૌર્ય, અપરિગ્રહ, અનેકાંતવાદ, સ્યાદ્વાદયુક્ત સમતા અને સંયમના માર્ગે ચાલનારો વિશ્વનો એક માત્ર મહામુલો ધર્મ છે. જૈનોના આચરણ અને ઉપદેશોમાં પ્રગટતાં આ સિદ્ધાંતો માત્ર મનુષ્ય જાતિ સુધી જ સિમિત નથી પરંતુ સમગ્ર વિશ્વ દષ્ટિના પારસ્પરિક સહાયતા અને આધારની કલ્યાણ દોરી બની રહેલ છે તથા આધુનિક પર્યાવરણ વિજ્ઞાને જ માર્ગ અને નિયમો વર્તમાનમાં જણાવેલા છે તે આપણા તીર્થંકરો અને ગુરૂભગવંતોની પરંપરાથી ચાલતો આવોલો હિતકારી માર્ગ છે. જેનું આચરણ સર્વ લોકો સર્વત્ર કરતાં થાય તો જરૂર કારી માર્ગ છે, જેનું આચરણ સર્વ લોકો અન્નાદ आत्महत्यास अने विश्वडल्यास થયા પાર આપણે જૈન ધર્મના શ્રાવક શ્રાવિકા તરીકે આપણા પૂર્વજોના સંસ્કારને કારણે અને ગુરૂભગવંતોની પ્રેરણાથી ધર્મ કર્તવ્યો આચરતા અને પાળતાં હોઈએ છીએ

પ્રાણી માત્રને સુખી કે દુખી સ્થિતિમાં જીવન પ્રિય હોય છે વિશ્વમાં દુખનુ અસ્તિત્વ શા માટે છે ? દુ:ખમાંથી સપૂર્ણ રીતે મુક્ત કેમ થવાય ? અને પરિણામે સુખ કેમ વધે ? એ બધુ યથાર્થ રીતે જાણુવાની મનુષ્યની ભાવના એ ધર્મનુ મૂળ છે એજ ગૃહસ્થ ના આચારો છે , દુખને નિર્મળ કરવું, તેના અસ્તિત્વના કારણેને આવિષ્કાર કરે અને જીવનને વધારે સુખમય બનાવવુ એ ધર્મનુ મુખ્ય કાર્ય છે

દુખથી મુક્તિ અને સુખની વૃદ્ધિ અર્થે ધર્મ અનેક ઉપેની પ્રરૂપણા કરે છે. આવા ધાર્મિક ઉપમા અહિસા (જેને જીવવા દેને સિદ્ધાન્ત), સત્ય, નીતિ, સદાચાર (શુચિત્વ), અતિપવૃત્તિ, પિતૃઓ પ્રત્યે સન્માન બુદ્ધિ અને પ્રભુને માટે આજ્ઞાક્તિભાવ એ સર્વસામાન્ય છે આ ધર્મમાર્ગમા ઓછા વિધ્ન નથી, પણ ધર્મની આ સર્વે આજ્ઞાઓનું અને જેનીઝમના આચારોનું પાલન કરવું એ તો ઇષ્ટ જ છે આવા શુદ્ધ અને ધાર્મિક જીવનની આવશ્યકતા માટે નિશ્ચયાત્મ શ્રદ્ધાની અપેક્ષા રહે છે.

સાધનાનો રાજમાર્ગ શ્રી જિનેશ્વર ભગવંતોએ બતાવેલ સાધનામાર્ગ વ્યક્તિની શક્તિ અને ક્ષમતાની અપેક્ષાએ બે ભાગમાં વિભક્ત છે. એક છે સાધુ બનીને સંપૂર્ણપણે આત્મસાધના કરવાનો માર્ગ, બીજો છે, ગૃહસ્થ જીવનમાં રહીને ગ્રંથાશક્ય આત્માસાધના કરવાનો માર્ગ, પ્રથમ માર્ગને સર્વવિરતિ (સાધુ ધર્મ) કહે છે. બીજા માર્ગને દેશવિરતિ (ગૃહસ્થ ધર્મ) કહે છે.

સર્વવિરતિ એટલે તમામ પ્રકારના પાપોનો મન, વચન અને કાયાથી સદાય, સર્વત્ર અને સર્વથા ત્યાગ, પાપ પોતે તો કરવાનું નહિ જ બીજા પાસે કરાવવાનું નહિ અને બીજો કોઈ પાપ કરતો હોય તો તેનું સમર્થન પણ કરવાનું નહિ. દેશવિરતિ એટલે પાપનો મર્યાદિત, શક્તિ પ્રમાણ ત્યાગ, અહીં ધર્મ એટલે ચોક્કસ આચાર સંહિતા. સાધુ અને સાધ્વી માટે સાધનાની આચાર-સંહિતા એટલે સર્વવિરતિ ધર્મ, શ્રાવક અને શ્રાવિકા માટે સાધનાની આચારસંહિતા એટલે દેશવિરતિ ધર્મ. ગૃહસ્થ અને સાધુ માટે ધર્મ સાધનાની ભૂમિકા દ્વારા આ બે ભેદ કરવામાં આવ્યા છે.

અંતે જીનાજ્ઞા વિરૂધ્ધ કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડંમ

# ઉત્તર-પૂર્વ મુંબઈની હોસ્પિટલો વેન્ટિલેટર પર, સાસંદ સંજય ડી.પાટીલનું વાલી મંત્રીને નિવેદન!

તાજેતરમાં યોજાયેલી આયોજન સમિતિની બેઠકમાં, ઉપનગરના વાલી મંત્રી શ્રી મંગલપ્રભાત લોઢાએ ચર્ચા સત્રમાં સાંસદ સંજય પાટિલે નિવેદન રજૂ કર્યું હતું, અને માગણી કરી હતી કે મુંબઈ મ્યુનિસિપલ હોસ્પિટલો વેન્ટિલેટર પર છે અને નાગરિકો જોખમમાં છે તેની સરકારે ગંભીરતાથી નોંધ લેવી જોઈએ.



મુંબઈના પાલક મંત્રી મંગલપ્રભાત લોઢાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં, પૂર્વોત્તર મુંબઈના નાગરિકો ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, આ બાબત રાષ્ટ્રપતિના ધ્યાન પર લાવવામાં આવી હતી. આ બેઠકમાં ઉપનગરોના તમામ ધારાસભ્યો અને સાંસદો હાજર રહ્યા હતા.

મુલુંડથી ઘાટકોપર સુધીના પહાડી વિસ્તારોમાં સંરક્ષણ દિવાલ ન હોવાથી હજારો પરિવારો જોખમમાં જીવી રહ્યા છે. સાંસદ સંજય પાટીલે આ તમામ સમસ્યાઓ અંગે પાલક મંત્રી મંગલપ્રભાત લોઢાને લેખિત નિવેદન આપ્યું હતું. આ બેઠકમાં સાંસદે કહ્યું કે મારા ક્ષેત્રમાં છ વિધાનસભા વિસ્તાર છે અને હું તેમના પ્રશ્નો ઉઠાવવા માંગુ છું. ઈશાન મુંબઈ કચરાનું આશ્રયસ્થાન બની ગયું છે. તેમજ ડમ્પીંગ વિસ્તારમાં કોઈ અદ્યતન હોસ્પિટલ ન હોવાથી તેમને સારવાર માટે રાજાવાડી કે સાયન હોસ્પિટલમાં જવું પડે છે. મુલુંડની સરકારી અગ્રવાલ હોસ્પિટલનું રિનોવેશન છેલ્લા ૧૦/૧૨ વર્ષથી પેન્ડિંગ છે. તે વહેલી તકે શરૂ થવું જોઈએ અને લોકોને સુવિધા ઉપલબ્ધ કરાવવી જોઈએ. આવા અનેક મુદ્દા તેમણે પોતાની રજૂઆતમાં આવરી લીધી હતા.

# ભાજપા દ્વારા તા. ૯ ઓગસ્ટથી એક સપ્તાહ માટે 'હર ઘર તિરંગા' અભિયાન

તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં નિરાશાજનક પરિણામો બાદ પક્ષના કાર્યકરોના ઉત્સાહને વધારવાના પ્રયાસરૂપે ભાજપ તેના આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત શુક્રવાર, તા.૯ થી ગુરૂવાર, તા.૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' અભિયાન શરૂ કરશે. એક અઠવાડિયા સુધી ચાલનારી આ ઉજવણીમાં સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક સ્તરે ચૂંટાયેલા અન્ય પ્રતિનિધિઓ આ અભિયાનમાં ભાગ લેશે. આ અભિયાનને લીડ કરી રહેલા ભાજપા એમએલસી ઉમા ખાપરે કહ્યું હતું કે રાષ્ટ્રીય નાયકોની પ્રતિમાઓને સ્વચ્છ કરીને તેમને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે તેમજ દેશના ભાગલાની વર્ષગાંઠે બુધવાર, તા.૧૪ ઓગસ્ટ ૨૦૨૪ એ કાળો દિવસ મનાવવામાં આવશે. જોકે આ અભિયાનને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી એમ પણ તેમણે જણાવ્યું હતું.

### શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ સંચાલિત

# શ્રી મમ્માબાઈ શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષક ગણને છત્રી અને રેઈનકોટનું વિતરણ કરાયું

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમ તથા શાળાના સભ્ય પુનિત કાંતિલાલ ઠક્કર અને તેમના ધર્મપત્નિ શ્રીમતી અમીબેન પુનિતભાઈ ઠક્કરના વરદ હસ્તે સંસ્થા સંચાલિત શ્રી મમ્માબાઈ શાળાના ધોરણ ૧ થી ૪ના તમામ વિદ્યાર્થીઓને રેઈનકોટ, ધોરણ ૫ થી ૧૦ના તમામ વિદ્યાર્થીઓને અને સંસ્થા, શાળાના ટીચિંગ તથા નોન ટીચિંગ સ્ટાફને છત્રીઓનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાના સેક્રેટરી કમલેશભાઈ જેઠમલ ચોથાણી તથા શાળાના ત્રણે વિભાગના પ્રિન્સિપાલે પુનિતભાઈ ઠક્કર તથા શ્રીમતી અમીબેનનો સહર્ષ આભાર માન્યો હતો.

# મુંબઈગરાઓ આનંદો : જળાશયોમાં ૧૧ મહિના ચાલે એટલું પાણી જમા થયું

મુંબઈને પાણી પૂરું પાડનારાં જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને કારણે મુંબઈને પાણી પૂરું પાડનારાં સાત જળાશયોમાંનું મિડલ વૈતરણા પણ રવિવારે સવારે છલકાઈ ગયું હતું. એ સાથે જ મુંબઈને ૧૧ મહિના સુધી ચાલે એટલું પાણી જમા થઈ ગયું છે. રવિવારે સવારે જળાશયોમાં પાણીની સપાટી ૮૯.૧૦ ટકા થઈ ગઈ છે. છેલ્લાં બે વર્ષની સરખામણીમાં આ વર્ષે જળાશયોમાં પાણીનો સ્તર પણ વધી ગયો છે. મુંબઈ સહિત રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું છે. જળાશયોના કેચમેન્ટ એરિયામાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે, તેને કારણે ૨૪ કલાકની અંદર જ જળાશયોમાં સાત ટકા પાણીનો વધારો થયો હતો. શનિવારે જળાશયોમાં ૮૨ ટકા પાણી હતું, તેમાં વધારો થઈને રવિવારે સાતેય જળાશયોમાં પાણીની સપાટી ૮૯.૧૦ ટકા સુધી પહોંચી ગઈ હતી. રવિવારે સવારે સાતેય જળાશયોમાં ૧૨,૮૯,૬૧૫ એમએલડી (૮૯.૧૦ ટકા) પાણી જમા થયું હતું. આ પાણી મુંબઈને ૩૩૧ દિવસ જેટલું પાણી જમા થયું છે.

૨૦૨૩માં આ સમયે જળાશયોમાં ૧૧,૪૭,૦૮૬ એમએમલડી (૭૯.૨૫ ટકા) અને ૨૦૨૨માં આ સમયે ૧૨,૮૮,૫૨૩ એમએલડી (૮૯.૦૩ ટકા) પાણી હતું.

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**





### ખુલ્લા વાયરને અડકવાથી જીવ ગુમાવનારા બાળકના મૃત્યુ માટે

# MSEDCLના બે અધિકારીઓ સહિત ૬ અપરાધીઓ સામે FIR નોંધાઈ

મુલુંડ-વેસ્ટમાં જય શાસ્ત્રીનગરમાં રહેતા ૬ વર્ષના અર્ણવ ભંડારીનું MSEDCL એટલે કે મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડના ખુલ્લા વાયરના સંપર્કમાં આવતાં વીજ-કરન્ટ લાગવાથી ૨૦૨૩ની ૨૯ ઑક્ટોબરે મૃત્યુ થયું હતું. આ સંદર્ભમાં મુલુંડ પોલીસે પ્રાથમિક તપાસ કર્યા પછી MSEDCLના બે અધિકારીઓ સહિત તેની આસપાસમાં રહેતા છ લોકો સામે સદોષ મનુષ્યવધનો ગુનો નોંધ્યો છે. જો કે હજી સુધી આ કેસમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. MSEDCL અને પોલીસે કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે અર્ણવના ઘરની નજીકમાં રહેતા છ લોકોએ



પોતાના ઘરમાં જે વીજ-કનેક્શન લીધું હતું એના વાયરો જમીન પર છોડી દીધા હતા. આ વાયરમાંથી કરન્ટ લાગવાથી તેનું મૃત્યુ થયું હોવાનો આરોપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

અર્ણવ પહેલા ધોરણમાં અભ્યાસ કરતો હતો એમ જણાવીને નીલેશ ભંડારીએ વધુમાં કહ્યું હતું કે '૨૯ ઑક્ટોબરે તેને સ્કૂલમાં રજા હોવાથી ઘરે જ હતો. અમારા ઘરની બાજુમાં એક બીમાર બિલાડીનું બચ્ચું હતું. ઘટનાના દિવસે તે સવારથી એની કાળજી રાખી રહ્યો હતો. જોકે સાંજે એકાએક બિલાડીનું બચ્ચું અમારા ઘરની નજીક ઇલેક્ટ્રિક બોક્સ પાસે દોડ્યું હતું અને અર્ણવ એની પાછળ જઈને એને બચાવવા માગતો હતો. ત્યારે તે ઇલેક્ટ્રિક બોક્સ નજીક રહેલા ખુલ્લા વાયરો સાથે અટવાઈ જવાથી ઘટનાસ્થળે જ તેનું મૃત્યુ થયું હતું.'





Click Here